प्रकाशक,
कोठारी विठ्ठलदास मगनलाल
गूजरात विद्यापीठ, अमदावाद

卐

: मुद्रणस्थान : साहित्यमुद्रणालय
: : एलिसब्रिज–अहमदाबाद. : :
मुद्रक : गजानन विश्वनाथ पाठक

विज्ञापन

गूजरातपुरातत्त्वमंदिरनी प्रबंध समितिना संवत १९७९ ना भादरवा वद १३ नी बेठकना ठराव १ (परिशिष्ट १) मुजब आ पुस्तक प्रसिद्ध करवामां आवे छे.

गूजरात विद्यापीठ कार्यालय,
अमदावाद.
आसो वद १२, सं० १९८१.
} प्रकाशक

प्रवेश

प्राकृतव्याकरणना शिक्षक अने शिष्य माटे आ पुस्तकना परिचय पूरती थोडी माहिती आ प्रमाणे छे:

अहीं नीचेना चार मुद्दाओ विषे क्रमवार लखवानुं छे–

१ रचनाशैली

२ प्राकृतभाषा

३ अर्धमागधी भाषा

४ प्राकृतभाषाना व्याकरणो

१ रचनाशैली

आचार्य हेमचंद्रना प्राकृतव्याकरणने सामे राखीने आ पुस्तक लखवामां आव्युं छे पण क्रमने फेरववामां आव्यो छे. हेमचंद्रना प्राकृतव्याकरणमां सौथी पहेलां प्राकृतभाषानुं व्याकरण आपेलुं छे अने पछी क्रमे शौरसेनी, मागधी, पैशाची–चूलिका पैशाची अने छेल्ले अपभ्रंशनुं व्याकरण आपवामां आवेलुं छे त्यारे प्रस्तुत पुस्तकमां ए बधां व्याकरणोने साथे साथे समाववामां आव्यां छे एटले आ पुस्तकमां प्राकृतनुं व्याकरण आपतां जे जे नियममां शौरसेनी, मागधी, पैशाची–चूलिका पैशाची अने अपभ्रंशनी विशेषता होय ते पण साथे साथे–प्राकृतभाषाना नियमनी साथे–ज आपवामां आवी छे. जेमके,

प्राकृतमां साधारण रीते क, ग, च, ज, त, द, प, ब, य अने व नो लोप थाय छे (जूओ पृ० १०) आ नियम आपवानी साथे ज तुलना थइ शके ए दृष्टिए एम पण जणाव्युं छे के, शौरसेनीमां 'त' नो 'द' थाय छे, मागधीमां 'ज' नो 'य' थाय छे, पैशाचीमां 'द' नो 'त' थाय छे अने अपभ्रंशमां 'क' नो 'ग' थाय छे (जूओ पृ० १२ अने १३)

आ रीते वर्णविकारने लगता बधा नियमोने आपवामां आव्या छे. नियमोमां सौथी पहेलां सर्व साधारण नियमोने आपवामां आव्या छे अने पछी विशेष (आपवादिक) नियमोने मूकवामां आव्या छे नाम अने आख्यातना प्रकरणमां प्राकृत, शौरसेनी वगेरेनां रूपोनी साधना बताव्या पछी क्रमवार प्राकृत, शौरसेनी वगेरेनां रूपोने मूकवामां आव्यां छे अने केटलेक ठेकाणे ए बधां रूपोने साथे साथ एक ज ओळमां पण मूकेलां छे (जूओ पृ० १२९–१२६–१२८–१२९–१३०–१३२–१३३ नामप्रकरण अने पृ० १३१ तथा पृ० २५१ आख्यात प्रकरण)

खास विशेषता (विशेषताओने टिप्पणमां मूकेली छे)

(१) पालिनी साथे सरखामणी

प्राकृतभाषाना वर्णविकारना नियमोने पालिभाषाना वर्णविकारना नियमोनी साथे सरखाववामां आव्या छे अने केटलेक स्थळे तो पालि शब्दोने पण मूकवामां आव्या छे (पालिशब्दो माटे जूओ पृ० ८–१९–१८ वगेरे)

नामनां, धातुनां, कृदंतनां अने तद्धितनां रूपोने पालिरूपोनी साथे मूकवामां आव्यां छे अने केटलांक सम्मान्य पालिना प्रत्ययो आपीने पण सरखामणी बतावी छे (प्रत्ययो माटे जूओ पृ० २४८ अने १२४) सन्धिप्रकरणमां अने बीजे पण सम्भवित स्थळे सरखामणी माटे पालिना नियमोने आपवामां आव्या छे एकंदर रीते पालिनी अने प्राकृतनी सरखामणी सविस्तर दर्शाववामां आवी छे अने ते एटला ज माटे के, प्राकृतनो अभ्यासी साथे साथे पालिने पण समजी शीखी शके.

(२) वैदिक संस्कृत अने प्राकृतनो संबंध

जूनामां जूना वररुचिथी छेक छेल्ला मार्कंडेय सुधीना बधा प्राकृतव्याकरणकारोए प्राकृतरूपोनी साधना माटे लौकिक (वैदिकेतर) संस्कृतनो ज उपयोग करेलो छे, तदनुसार आ पुस्तकमा पण ए ज शैलीने मान्य राखवामा आवी छे. परंतु अत्यारनां विपुल साधनोथी एम जणाय छे के, प्राकृतभाषानो सबध वैदिक सस्कृतनी साथे पण छे (जूओ आर्यविद्याव्याख्यानमाळा पृ० १९४–२०९) तेथी प्राकृत-रूपोनी साधना माटे वैदिक शब्दोने पण मूळभूत राखवा ए, सर-खामणीनी दृष्टिए विशेष अगत्यनुं छे. आ वातने सूचववा वैदिक संस्कृतने मुळभूत राखीने पण सरखामणी करवामा आवी छे. (जूओ पृ० ४९–९४–३०९)

प्राकृतना एवा तो घणा य नियमो छे जे वैदिक संस्कृतना रूपो साथे मळता आवे छे,

[जेमके, अंत्यव्यंजनलोप (जूओ पृ० १० नि० १)

वैदिकरूपो

पश्चा (पश्चात्)

उच्चा (उच्चात्)

नीचा (नीचात्)

युष्मा (युष्मान्)

देवकर्मेभि (देवकर्मभि:)

आ बधा वैदिक रूपोमा अत्यव्यंजननो लोप थएलो छे.

'र' 'य' नो लोप

(जूओ पृ० १६ नि० ५ तथा पृ० १५ नि० ४)

अपगल्भ (अप्रगल्भ)

तृच् (त्र्यृच्)

पेला रूपमा 'र' नो अने बीजामां 'य' नो लोप थएलो छे.

षष्ठुरूनी पूर्वे हृस्व (जुओ पृ ४ नि० १)

रोदसिप्रा (रोदसीप्रा)

अमत्र (अमात्र)

'ऋ' नो 'उ' (जुओ पृ० ७ नि० ८)

पुन्ध (पृथ)

'द' नो 'ड' (जुओ पृ १८-१९ ड-विकार)

पुडम, पूडम

पुरोडाश, पुरोडाश वगेरे.

उपर्युक्त उदाहरणोनां वैदिक स्थळो माटे अने विशेष उदाहरणो माटे जुओ आर्यविद्याव्याख्यानमाळा पृ २०१ थी २०८]

पण पुस्तक वधी जाय अने प्रवेश करनारने कठण लागे एथी ए बधा नियमोने अहीं नथी आपवामां आव्या

(३) आदेशो करवा करतां मूळ शब्द उपरथी ज विकृत शब्दने बतावयो

जूना वैयाकरणोए संस्कृत शब्दोना आदेशो करीने प्राकृत शब्दो बनाववानी रीत स्वीकारी छे पण भाषानु ऐतिहासिक अने शास्त्रीय दृष्टिए निरूपण करवु होय तो जे जे शब्दोमी सरखामणी करी शकाती होय त्यां आदेशो करवा करतां ए मूळ शब्दोमां ज उच्चारणजन्य वर्णविकारोने बताववा जोइए जेमके,

'ओल्ल' सूचक प्राकृत 'ओल्लि' शब्दनी साधना माटे भाषानु आळखु, निरर्थक प्रामाणिक पीळी, मधमाखी, खस्ती, श्रेणि, छीटे पुन्न रहो अने कुल एटला अर्थमां (अर्थो माटे जुओ आप्टेनो कोश) वपराता 'आलि' शब्द उपरथी 'पंक्ति' अर्थमां 'आलि' बनावनारी समासण करवी ए करतां 'पंक्ति' अपयाव्य

ज 'आवलि' शब्दना 'आउलि' 'ओलि' रूपो बतावीने 'ओलि' शब्द बनाववानी रीत ऐतिहासिक अने भाषाशास्त्रनी दृष्टिए वधारे सुसगत लागे छे.

'सूक्ष्म' ना 'ऊ' नो 'अ' करीने 'सण्ह' रूप बनाववा करता 'श्लक्ष्ण' नुं सहज भावे थतु 'सण्ह' रूप ज अधिक संगत लागे छे.

आम करवाथी उच्चारणोथी थता क्रमिक वर्णविकारो कळी शकाय छे अने व्याकरणमा आवतो गौरवदोष पण अटकी शके छे.

आ हकीकत अहीं मात्र एक उदाहरण द्वारा ज दर्शाववामा आवी छे (जूओ पृ० ९४)

(४) आगमोनां नहि सधाएलां रूपोनी साधना

जैन आगमोना केटलाक रूपो जे अत्यार सुधी अणसाध्या हता तेने पालिभाषाना रूपो द्वारा साधवानो प्रयत्न करवामा आव्यो छे (जूओ पृ० १३६ अने २६४)

२ प्राकृतभाषा

शौरसेनी अने मागधीनुं क्षेत्र एना नाम उपरथी ज जाणितुं छे. पैशाचीनुं क्षेत्र—

" पाण्डच–केकय–बाल्हीक–सिंह–नेपाल–कुन्तला· ।
सुधेष्ण–भोज–गान्धार–हैव–कन्नोजनास्तथा ॥
एते पिशाचदेशा. स्युस्तद्देश्यस्तद्गुणो भवेत् " ।

(षड्भाषाचंद्रिका पृ० ४ श्लो० २९–३०)

आ श्लोकमा जणावेलु छे साधारण प्राकृत अने अपभ्रंशनुं क्षेत्र व्यापक छे एटले ए माटे कोई देशने निर्देशी शकाय नहि.

वैयाकरणोए शब्दशास्त्रनी दृष्टिए प्राकृतना त्रण प्रकार जणावेला छे १ संस्कृतजन्यप्राकृत, २ संस्कृतसमप्राकृत अने ३ देश्यप्राकृत

[१ जेनी व्युत्पत्तिनो बधारे संबंध बन्ने प्रकारना संस्कृत साथे छे ते संस्कृतजन्यप्राकृत

२ संस्कृतनी जेवुं प्राकृत ते समसंस्कृतप्राकृत

नीचेना एक ज श्लोक द्वारा संस्कृतसमप्राकृतनो परिचय थई जाय छे

“ चारुसमीरणरमणे हरिणकलङ्ककिरणावलीसविलासा ।
आबद्धराममोहा वेलामूले विभावरी परिहीणा ” ॥ १ ॥

(भट्टिकाव्य १३ मो सर्ग)

३ देश्यप्राकृतनो नमूनो आ प्रमाणे छे

“ रे लेमाणुअ लोअण हसाण लोहीण मच्छमाणक्किमो ।
हुहिस्सचि कह व प्रमं मऊहिमो टक्कारि फुड ” ॥

(देशीनाममाला पृ ९८ श्लो १५]

प्रस्तुत व्याकरण पेला प्रकारने लगतुं छे बीजो प्रकार तो संस्कृत व्याकरणथी ज सिद्ध छे अने त्रीजा प्रकारनुं प्राकृत हजु सुधी शास्त्रीय गवेषणानो विषय न थयेलु होवाथी आमां तेनुं निरूपण करवुं योग्य धार्युं नथी एना बोध माटे देशीनाममाला वगेरे देश्य भाषाना कोशोथी ज समजी लेवु पडे एम छे.

३ अर्धमागधी भाषा

प्राकृत शौरसेनी वगेरे भाषाओनु व्याकरण लखतां आमां क्यांय *अर्धमागधी विषे लखवामां* नथी आव्युं, एथी कोइ एम तो न ज समजी ल्ये के, अर्धमागधी कोई भाषा ज नथी

* भट्टिकाव्यना आ सर्गमां समसंस्कृतप्राकृतना भाषां अनेक श्लोको छे आ सर्गनुं नाम ज 'भाषासमावेश' छे,

जैनसूत्रोमा केटलेक ठेकाणे अर्धमागधीने भाषा तरीके जणावी छे अने साथे एम पण कहेवामा आव्युं छे के, 'भगवान् महावीर अर्धमागधी भाषामा उपदेश करता हता.'

अर्धमागधीने लगता जैनसूत्रोना उल्लेखो आ प्रमाणे छे.

" भगवं च णं
अद्धमागहीए भासाए
धम्ममाइक्खइ "
(समवाय—अंगसूत्र
पृ० ६० समिति)

" भगवान् अर्धमागधीभाषा-
द्वारा धर्मने कहे छे."

प्र०—" देवा णं भंते कयराए
भासाए भासंति ?
कयरा व भासा
भासिज्जमाणी
विसिस्सति ?

" हे भगवन् । देवो कइ
भाषामा बोले छे ?
अथवा बोलाती भापामा
कइ भाषा विशिष्ट छे ?

उ०—गोयमा ! देवा णं अद्ध-
मागहाए भासाए भासति,
सा वि य णं अद्धमागही
भासा भासिज्जमाणी
विसिस्सइ "
(भगवती—अगसूत्र
श० ५ उ० ४
पृ० १८१ प्रश्न—
२० राय० अने
समिति पृ० २३१
सू० १९१)

हे गौतम ! देवो अर्ध-
मागधीभाषामा बोले छे
अने बोलाती भाषामा
पण ते ज भाषा—अर्ध-
मागधीभाषा—विशिष्ट छे."

" तए ण समणे भगवं महावीरे कूणिअस्स भभसारपुत्तस्स अद्धमागहाए भासाए भासति " (औपपातिक-उपांग-सूत्र पृ० ७७ समिति)	" त्यार पछी भगवान महावीर भभसारपुत्र कोणिकने अर्ध मागधीभाषामां धर्म कहे छे "
प्र०—" से किं त भासारिया ?	" भाषानी दृष्टिए आर्यो कोने कहेवा ?
उ०—भासारिया जे णं अद्धमागहाए भासाए भासेंति " (प्रज्ञापना—उपांगसूत्र पृ ९९ समिति)	जेओ अर्धमागधीभाषामां बोले छे तेओने भाषानी दृष्टिए आर्यो समजवा "

आ उपरथी 'अर्धमागधी' ने भाषा तरीके अने 'महावीर अर्धमागधीभाषामां उपदेश करता हता' ए बन्ने वातो स्वीकारी शकाय एवी छे पण 'अर्धमागधी' ना भाषा तरीकेना उल्लेख मात्रथी ज कांइ एनु व्याकरण रचवी शकाय नहि

व्याकरण रचवा माटे तो एना विपुल साहित्यने सामे राखवुं जोइए, जेथी बीजी भाषाओ करतां अर्धमागधीनी जे खास खास विशेषताओ होय ते बधी साधी शकाय कांइ बे चार रूपोनी विशे षताने लीधे कोइ एक भाषाने बीजी भाषाथी जुदी पाडी शकाय नहि तेम ज बे चार रूपोने साधवा माटे शुद्ध व्याकरण पण रची शकाय नहि जो फक्त बे चार रूपोनी ज विशेषताने लीधे एक

भापाने बीजी भापाथी जुदी गणावी शकाती होय अने एनुं व्याकरण पण लखी शकातु होय तो भापाओनो अने व्याकरणोनो अंत ज केम आवत ?

आ संबंधमां आचार्य हेमचद्रनुं ज उदाहरण वस छे: श्री हेमचंद्रे प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशना व्याकरणो लख्या छे तेम साथे साथे आर्पप्राकृतने पण लीधु छे. साधारण प्राकृत करता आर्पप्राकृतमा काइक विशेपता जरुर छे पण ते एटली नर्जीवी छे के, तेनुं जुदुं व्याकरण करवुं तेमने योग्य नथी जणायुं. आ ज कारणथी साधारण प्राकृतना पेटामा आर्पप्राकृतने पण एमणे भेळवी दीधुं छे.

हेमचद्र जेवा जैन वैयाकरण शौरसेनी, मागधी अने पैशाची जेवी प्रायः जैनेतर ग्रथोमा वपराएली के नाटकीय भाषाओनुं व्याकरण लखवा प्रेराय अने जैनआगमोनी भापानु व्याकरण न लखे ए काइ अर्थविनानी वात नथी.

जैनपरपरामां अर्धमागधीना साहित्य तरीके प्रसिद्धि पामेलुं समस्त आगमसाहित्य एमनी सामे ज हतु, ए विपेनो भाषानो अने भावनो एमनो अभ्यास पण गभीर हतो छता य एमणे ए साहित्यने लगतु एक जुदु व्याकरण केम न लख्युं ? ए प्रश्न एमने माटे थवो सहज छे

ए प्रश्ननो उत्तर आचार्य हेमचद्रे पोतानी कृतिद्वारा ज आपी दीधेलो छे. आपणे जेम आगळ जोइ गया के, आर्षप्राकृतमां जुदुं व्याकरण करवा जेवी खास विशेषता न जणायाथी जेम एने साधा-रण प्राकृतना पेटामा समावी दीधु छे तेम आगमसाहित्यनी भाषामा पण ए बन्ने प्राकृतो करता एवी विशिष्ट विशेषता न जणायाथी

एमणे ए भाषाने ए बने प्राकृतोमां भेळवी दीधी छे अने ए ज कारणथी एनुं जुदु व्याकरण करवा तेओ प्रेराया पण नथी

एमना समयनु वातावरण जोतां तो जरुर ए पाणिनिना वैदिक व्याकरणनी पेठे जैनआगमोनी भाषानु पण व्याकरण लखवाने प्रेराया होत

जैनपरपरामां आचार्य हेमचद्र ज एक एवा प्रतिष्ठापक पुरुष छे जेमणे जैनोनी साहित्यने ख्याती प्रतिष्ठा साधवघानो भगीरथ प्रयत्न सेव्यो छे नवु व्याकरण, नवु छंद शास्त्र, नवु अलंकारशास्त्र नवु धातुपारायण, नवा कोशो, नवो निघटु, नवु पुराण अने नवुं योगशास्त्र वगेरे ए बधुं जैनोनी विशेषताने खातर नवु नवुं रच्या छतां आगमोनी भाषाना ज प्रसंगमां एमणे वृद्धप्रवादनी सामे पण जे मौन धताव्युं छे ते ज आपणा ए प्रश्नना पूर्वोक्त उत्तर माटे पूरतु छे

वळी, आचार्य हेमचद्र पोते एम पण मानता लागे छे के, आगमोनी भाषा अर्धमागधी तो जरुर कही शकाय पण जो एमां ' अर्धमागधी ' नामने योग्य कटलीक विशेपताओ मागधी भाषानी पण मळेली होय आ विशेषताओ तपासतां एमने तो फक्त मागधीनी एक ज विशेपता मुख्यपणे गणाणी छे ते विशेपता-प्रथमाना एकवचनमां मागधीना ' ए ' प्रत्ययनो प्रयोग जेमके जीवे, अजीवे, छोए, अलोए, आसवे, संवरे, बंधे, मोक्खे वगेरे पण आ एक ज विशेपताने लीधे तेओ आगमोनी भाषाने अधमागधी कहेवी योग्य धारता नथी अने प्राकृत के आर्षप्राकृतथी जुदी पण गणी शकता नथी माटे ज एमणे आगमोनी भाषाने माटे पोताना व्याकरणमां कोई खास स्थान आपेलुं नथी साथे साथे एटलुं पण जणावी देवुं जोइए के, हेमचंद्रना

ध्यानमा आवेली ए एक विशेषता पण कांइ आगमोनी भाषामा व्यापक रीते आवेली नथी, एमा तो 'ए'ना प्रयोगनी पेठे प्राकृतना 'ओ' प्रत्ययवाळा पण घणा रूपो—ते पण आचाराग जेवा प्राचीन सूत्रमा य—मळी आवे छे. जेमके: निक्खंतो, उद्देसो, अप्पमाओ, निरामगंधो, उवरओ, उवेहमाणो, आलीणगुत्तो, सहिओ, नाणागमो, संथवो, दोसो, हव्ववाहो, दुरणुचरो, मग्गो वगेरे (आचाराग सूत्र पृ० ४१—१२४—१२७—१३०—१५५—१६८—१८३—१८४—१८५—१९०—१९२ समितिनुं). एमणे ज आ संबंधमा एम जणाव्यु छे के, "प्रायोऽस्यैव विधानात् न वक्ष्यमाणलक्षणस्य" (प्रा० व्या० पृ० १५९ सू० २८७) अर्थात् "आर्ष प्रवचनमा प्राय. मागधीना 'ए' प्रत्ययनु ज विधान छे, पण मागधीना बीजा बीजा लक्षणोनु नथी." आ उल्लेखमा वपराएलो 'प्राय.' शब्द आगमोमा 'ए' प्रत्ययनी वपराशनो पण सकोच बतावे छे अने एथी ज एम जणाय छे के उपर्युक्त 'ओ' प्रत्ययनी वपराशनु आगमिक क्षेत्र पण काइ हेमचंद्रना ध्यान बहार छे एम नथी

सार आ छे के, आचार्य हेमचंद्रे पोताने उद्भवेला जैन आगमोनी भाषाने लगता प्रश्नो खुलासो आम बे रीते करी बताव्यो छे:

एक तो जैन आगमोनी कहेवाती अर्धमागधीने पोतानी कृतिमा खास जुदु स्थान नहि आपीने बीजुं, एमा जोइए तेटला प्रमाणमा मागधीनी विशेषताओ न होवानुं जणावीने.

'आ आगमोनी भाषा अर्धमागधी नथी पण प्राकृत के आर्षप्राकृत छे' एम स्पष्ट शब्दोमा कहेवा जेवु जैन समाजनु वातावरण अत्यारे पण नथी तो संप्रदाय भक्तिना बारमा सैकामा तो शी रीते होय? छतां य एक जवाबदार अने प्रामाणिक वैयाकरण तरीके आचार्य

हेमचंद्रे उपर्युक्त सादी हकीकतने पण आगळ जणावेली मंगिध आबाद रीते जणावेली छे अने साथे वृद्धप्रवादना अनुसंधाननी युक्ति पण बतावेली छे. आ संबंधमां एमनो आखो उल्लेख आ प्रमाणे छे "यदपि 'पोराणमद्धमागहभासानिययं हवइ सुत्तं'[1] इत्यादिना आर्षस्य अर्धमागधभाषानियतत्वमाम्नायि वृद्धैस्तदपि प्रायोऽस्यैव विधानात् न वक्ष्यमाणलक्षणस्य"

(प्राकृत व्या० पृ० १५९ सू० २८७)

---

१ आ उल्लेख निशीथचूर्णिमां छे जुओ लिखित प्रति पा० १५ पूना मां प्रा वि म छे ए उल्लेखमांना 'अद्धमागह' शब्दनी व्याख्या करतां श्रीजिनदास महत्तरे जणाव्युं छे के; "मगहद्धविसयभासानिबद्धं अद्धमागहं" अथवा "अट्ठारसदेसीभासानियतं अद्धमागधं" अर्थात् एमने 'अर्धमागध' शब्दनी बे व्याख्या करी छे पहेली— मगध देशनी अडधी भाषामां नियत ते अर्धमागध बीजी—अढार जातनी देशी भाषामां नियत ते अर्धमागध.

वर्तमान आगमोनी भाषामां पहेली व्याख्या तो घटती नथी एम हेमचंद्र पोते कहे छे

बीजी व्याख्या पण जो आगमोनी भाषामां घटी शके तेवी होत तो जरूर तेने प्रमाणरूप मानी आचार्य हेमचंद्र ए विषे कांईक जरूर जणावत अने ए रीते वृद्धवादनुं ज समर्थन करत पण ए प्रकार तेमणे करेल ए व्याख्या तरफ उदासीन रह्या छे, एथी जणाय छे के, ए व्याख्या पण आगमोनी भाषामां घटती नहि होय अथवा ए व्याख्यामां कहेला अढार देशी क्या समजवा ? ए प्रश्न ज गुंचवाळो छे

राजकुमारोना विद्याध्ययनना प्रसंगमां 'अट्ठारसदेसीभासाविसारए' शब्द जैन सूत्रग्रंथोमां मळे छे त्यां तेनो अर्थ 'अढार (जातनी) देशी भाषामां विशारद' थाय छे. ए शब्दमां वर्णवेली ए भाषाओ बीजी

कशी वीगत टीकाकारोए आपी नथी तेम अढार जातनी देशी भाषाने अर्धमागधी तरीके ओळखावी पण नथी.

'अट्ठारसदेसीभासाविसारए' नो उल्लेख ज्ञातासूत्रमा अने औपपातिक सूत्रमा मळे छे

"तते णं से मेहे कुमारे बावत्तरिकलापंडिए*अट्ठारसविहिप्पगारदेसीभासाविसारए"

ज्ञातासूत्र पृ० ३८ समिति

ठीका पृ० ४२ ,,

"त्यार पछी ते मेघ कुमार बोतेर कळामा प्रवीण थयो अने अढार प्रकारनी देशी भाषामा निपुण थयो"

[टीकाकारना मत प्रमाणे 'अढार जातनी भाषामा नहि पण अढार जातनी लिपिमा' प्रवीण थयो. आ अढार जातनी लिपिनो उल्लेख प्रज्ञापना सूत्रमा अने नंदीसूत्रमा मळे छे]

"तए णं से दढपइण्णे दारए बावत्तरिकलापंडिए* अट्ठारसदेसीभासाविसारए"

औपपातिक सूत्र पृ० ९८ समिति

"त्यार पछी ते दृढप्रतिज्ञ नामनो कुमार बोतेर कळामा प्रवीण थयो अने अढार प्रकारनी देशी भाषामा निपुण थयो"

सूत्रना ए उल्लेखो जोतां अढार देशने लगती आपणी ए गुंच उकली शकती नथी पण एटलुं कल्पी शकाय छे के, कदाच आ उल्लेखोने जोइने ज श्रीजिनदास महत्तरे पोतानी चूर्णिमा अढार जातनी देशी भाषाने 'अर्धमागधी' नु नाम आप्यु होय.

श्रीहरिभद्रना विद्यार्थी अने समसमयी तथा श्रीशीलाक अपरनाम तत्त्वादित्यना शिष्य श्रीदाक्षिण्यचिह्नसूरिए बनावेली 'प्राकृत कुवलयमाला' ने जोता अढार देशने लगती आपणी ए गुंच कदाच उकली शके,

पण बाद रहलतुं जोइए के; प्रस्तुत अर्धमागधीनी कथा साथे कुवलय मालामां आवता अढार देशने वगता ए उल्लेखनो कशो ज संबंध नथी

कुवलयमालामां ए देशोनी गणना आ प्रमाणे करेली छे

"मालव कण्णाडा वि य
माळविया कण्णुअ-गोल्लया।
मरय मरहट्ठ य सोरट्ठा तक्का
किरि कग सेंधवया ॥"

कु मि प्रति पृ ७५
पेठी वाघु पं ५ पूना नो प्रा० मि मं से

" मरुदेश, कर्णाटकदेश, मालवदेश, कनोजदेश गोल्लदेश, मरय (मारवाड?) देश, महा राष्ट्रदेश, सोरठदेश, टक्कदेश, किरदेश अगदेश अने सिंधदेश"

आ उल्लेखमां मात्र चार देशोने गणावयामां आव्या छ परंतु आ पछीना एक बीजा उल्लेखमां (पृ ७६) नवी अढार देशोने मूकेला छे आ नीचेना उल्लेखमां देशोनां नामो साथे तेने देशना मनुष्योनो स्वभाव अने भाषाना एक वे शब्दोने पण मूकवामां आव्या छे अने छेवटे उपसंहारमां जणावेलु छे के,

"इय अट्ठारसदेसी-
भासाउ पुलइऊण सिरिदत्ते ।
अन्ने इ य पुलएती खस-पारस
बब्बरातीय ॥"

"ए प्रमाणे श्रीदत्त नामनो कोइ सहस्र अढार देशनी भाषा सामे जोइने (सांभळीने) बीजा ओनी पण-एटले खसोनों पैकी खस पारस अने बर्बर लोकोनी पण-भाषाने जुए छे (सांभळे छे)"

नमकारे उपसंहारमां आम अढार देशी भाषानो उल्लेख कर्यो छे अने देशोनी गणमाना प्रसंगमां मात्र सोळ देशो ज जणावेला छे तेनुं कारण समजातु नथी

वे उल्लेखमां ए देशोने जणावेला छे ते उल्लेख आ प्रमाणे छे-

" तत्थ य पविसमाणेण
दिट्ठा अणेयदेसभासालक्खिए
देसवणिए । त जहा–
कंसिणा निट्ठुरवयणे बहुकसमर (?)
भुजए अलज्जे य ।
'अरडे' त्ति उल्लवते अह
पेच्छइ गोल्लए तत्थ ॥
णयनीइसंधिविग्गहपडुए बहुज-
पए य पयईए ।
'तेरे मेरे आउ' त्ति जंपिरे
मज्झदेसे य ॥

त्या प्रवेश करता श्रीदत्ते
अनेक देशनी भाषाना जाणकार
ते ते देशना वणिकोने जोया.
ते जेमके, प्रथम गोल्ल देशना
लोकोने जोया, ए लोको निष्टुर
भाषी, काळा, समरभोगी (?)
अने निर्लज्ज होय छे तथा
'अरडे' एवुं बोलनारा होय छे.
पछी मध्यदेशना लोकोने जोया,
ए लोको नय, नीति, सधि अने
विग्रहमा चतुर, बहुबोला अने
'तेरे मेरे आउ' एवु बोलनारा
होय छे.

नीहरियपोट्ट–दुवन्न–
मडहए सुरयकेलितल्लिच्छे ।
'एसेले' जपुल्ले अह पेच्छइ
मागहे कुमरो ॥
कविले पिंगलनयणे लोयण–
कहदिन्नमेत्तवावारे (?) ।
'किं ते किं मो' पि य जपिरे
य अंतवेए य ॥

पछी मगधना लोकोने जोया,
ए लोको दुर्वर्ण, वधेला पेटवाळा,
ठिगणा, सुरतप्रिय अने 'एसेले'
एवुं बोलनारा होय छे.
पछी अतर्वेदिना एटले गगा
जमनानी वच्चेना प्रदेशमा रहे-
नारा लोकोने जोया, ए लोको
वर्णे कपिल, माजरी आखवाळा
अने 'किं ते किं मो' एवु बोल-
नारा होय छे

उत्तुगथूलघोणे कणयवन्ने य
भारवाहे य ।

पछी कीरदेशना लोकोने जोया,
ए लोको वर्णे कनकवर्णा, उंची

'हरि पारि' भणिरे कीरे
कुमारो पलोएइ ॥

अने चाडी नाचिकावाळा, मार बरनारा अने 'हरि पारि' एवुं बोलनारा होय छे.

दक्खिण्णदाणपोरुस–विण्णाण
दयाविवज्जियसरीरे ।
एह तेहं चवंते ढक्के
उण पेच्छइ कुमरो ॥

पछी ढक्क देशना लोकोने जोया, ए लोको दाक्षिण्य, दान, पौरुष, विज्ञान अने दया विनाना होय छे अने 'एहं तेहं एम बोलनारा होय छे

सललियमिउमद्दवए गंधव्व
पिए सदेसगयचित्ते ।
'चंसे वहमो' भणिरे सुहये
अह सिंधवे दिट्ठे ॥

पछी सिंधना लोकोने जोया, ए लोको ललित, मृदु, गांधर्वप्रिय, स्वदेशपरायण, सुमुखा अने 'चंसे वहमो' एम बोलनारा होय छे

कोंबरे (?) य जड्डे बहु
भोई कढिणपीणथूणंगे ।
'अप्पां तुप्पां' भणिरे अह
पेच्छइ कारुए तत्तो ॥

पछी कारुदेशना लोकोने जोया ए लोको कपिंजल (?) बहु बहु मोजी, कठण अने पुष्ट अंगवाळा तथा 'अप्पां तुप्पां' एम बोल-नारा होय छे

धयकोविणपुट्टंगे धम्मपरे
संधिविग्गहे णिउणे ।
न उ रे भल्लउं भणिरे
अह पेच्छइ गुज्जरे अवरे ॥

पछी गूर्जरलोकोने जोया, ए लोको घी अने माखणथी पुष्ट शरीरवाळा धर्मपरायण संधि-विग्रहमां निपुण अने न उरे भल्लउं एम बोलनारा होय छे

ण्हाओलित्तविलित्ते कयसीमंते
सोहियंगत्ते ।

पछी लाटना लोकोने जोया, ए लोको (माथामां) सेंथो

'अम्ह काउं तुम्हं' भणिरे
अह पेच्छइ लाडे ।

तणुसाममडहदेहे कोवणए
माणजीवणे रोद्दे ।
'भाइ य भइणी तुब्भे'
भणिरे अह मालवे दिट्ठे ॥

उक्कडदप्पे पियमोहणे य
रोद्दे पयगवित्ती य ।
'अडिपाडि रमरे' भणिरे
पेच्छइ कन्नाडए अण्णे ॥

कुप्पासपाउयगे मासणइ (?)
पाणमयणतल्लिच्छे ।
'असि किसि मणि' भण
माणे अह पेच्छइ ताइए अवरे ॥
सव्वकलापब्भट्ठे माणी पिय-
कोवणे कढिणदेहे ।
'जल तल ले' भणमाणे
कोसलए पुलइए अवरे ॥
दढमडहसामलगे सहिए
अह माणकलहसीले य ।
'दिन्नल्ले गहियल्ले' उल्ल-
विरे तत्थ मरहट्ठे ॥

पाडनारा, लेपन करनारा, सुशोभित शरीरवाळा अने 'अम्हं काउं तुम्ह' एम बोलनारा होय छे.

पछी माळवाना लोकोने जोया, ए लोको, काळा अने नाना शरीरवाळा, क्रोधी, अभिमानी, रौद्र अने 'भाइ य भइणी तुब्भे' एम बोलनारा होय छे.

पछी कर्णाटकना लोकोने जोया, ए लोको दर्पवाळा, मोहवाळा, रौद्र, चंचळ अने 'आडिपाडि रमरे' एम बोलनारा होय छे.

पछी ताइ लोकोने जोया, ए लोको कचुक पहेरनारा अने 'असि किसि मणि' एम बोलनारा होय छे.

पछी कोशलदेशना लोकोने जोया, ए लोको सर्वकलाहीन, मानी, कोपी अने 'जल तल ले' एम बोलनारा होय छे.

पछी महाराष्ट्रना लोकोने जोया, ए लोको शरीरे दृढ, नाना अने काळा होय छे तथा स्वहितमा मान--कलहशील अने

हवे ' वर्तमान जैन आगमोने महावीर भाषित समजीने कोई ए आगमोनी ज भाषाने अर्धमागधी कहे अने ए उपरथी ज एनां व्याकरण अने कोष बनावे तो न बनी शके ' ' ए प्रश्ननुं समाधान आचार्य हेमचन्द्रे पोतानी कृतिद्वारा अने उपर्युक्त उल्लेखद्वारा पण करी नांख्युं छे एथी आ आगमोनी भाषाने अर्धमागधी समजवी के एम समजवी ए विषेनां पुस्तको लखवां ए भाषाना इतिहासमां गोटाळो करवा सिवाय बीजुं शुं होई शके '

आचार्य हेमचन्द्रना पूर्ववर्ती अने अगसूत्रोना टीकाकार आचार्य अभयदेवे पण अर्धमागधी नाम धरावती भाषाने प्राकृत लक्षणनी बहुलतावाळी जणावी छे तेमणे लख्युं छे के

पियमाइभावंगामे सुंदरगोते य
मायपे रोद्दे ।
'भाडि मडि' भणंति भवरे
भचे कुमारे पओएद ॥

दिवसले गहियसले एम बोल-
नारा होय छे
बळी आंखना काळने बोधा,
ए लोकोने बी अने समाम बने
प्रिय होय छे, एमना गोत्रो सुंदर
होय छे अने ए लोको रौद्र तथा
भयंकर अने 'भाडि मडि' एम
बोलनारा होय छे

उपरना उल्लेखमां गोल्ल (गौड ?), मध्यदेश, मगध अन्तर्वेदि कीर, टक्क सिंध मरु (मारवाड), गुर्जर, लाट, मालव कर्णाटक, ताइय (?) कोशल महाराष्ट्र अने आंध्र एम सोळ देशोने जणावेला छे

कुवलयमाळामां आ उल्लेख अहीं एटला माटे आप्यो छे के, एमां ए देशोनी गणना ए रीते करेली छे (आचार्य जिनविजयजीनी एक नोंधमांथी आ उल्लेखने हुं कुवलयमाळा'मांथी मेळवी शक्यो छुं)

" ' र–सो–र्लशौ मागध्याम् ' इत्यादि यत् मागधभापालक्षणं तेन अपरिपूर्णा प्राकृतभापालक्षणवहुला अर्धमागधी "

(औपपातिक टीका पृ० ७८ समिति)

अभयदेवे आगमोनी भापा उपरथी नक्की करेलुं अर्धमागधीनुं स्वरूप जोता तो ' अर्धमागधी ' नाम ' देवादार 'ना ' रणछोड ' (ऋणने छोडनार) नाम जेवुं लागे छे. तेओ साफ साफ कहे छे के, आगमोनी भापा प्राकृतलक्षणनी वहुलतावाळी छे अने एक लक्षण सिवाय मागधीना बीजा खास लक्षणोने एमा काइ स्थान नथी, एथी ज वाचनार समजी शकशे के, वर्तमान आगमोनी भापाने अर्धमागधी कहेवी के प्राकृत कहेवी ?

' आगमो प्राकृत छे ' ए मत तो आज घणा समयथी चाल्यो आवे छे अने हेमचद्र अने अभयदेव करता य प्राचीन अने प्रामाणिक आचार्योए ए मतने स्वीकारेलो छे.

ए सवधमा आचार्य हरिभद्र जणावे छे के,

[1]" प्राकृतनिबन्धोऽपि बालादिसाधारण. " इति

---

१ दशवैकालिकनी टीकामा जे प्रसगे आचाय हरिभद्रे आ उल्लेख कर्यो छे ते प्रसग आ छे

" दर्शनाचारना आठ प्रकार छे, तेमा पेहेलो प्रकार निःशकित रहेवु ते, ' नि शकित 'नु विवरण करता कह्यु छे के शकाना वे प्रकार छे–सर्वशका अने देशशका. सर्वशका एटले सर्व प्रकारे शका अने देशशका एटले अगथी शका. तेमा ' सर्वशका 'नु स्वरूप बतावता जणाव्यु छे के,

" सर्वशङ्का तु प्राकृतनिबद्धत्वात् सर्वमेवेद परिकल्पित भविष्यतीति ।"

अर्थात् 'प्राकृत भाषामा रचेलु होवाथी आ बधु य बनावटी केम न होय ?' आवी जे जिनागम प्रत्ये शका करवी ते सर्वशका, आनु समाधान करता हरिभद्रे उपर्युक्त उल्लेखने टाकी बताव्यो छे.

माटेज मल्या पछी ए आचार्यश्री 'उक्तं च" कहीने पोताना उल्लेखना पोषणमां एक जूना संवादने टांकी बतावे छे—

"बालस्त्रीमूढमूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम्।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥"

(दशवैकालिक टीका पृ० ११३ आगमो०)

आ उपरथी आपणे मोई शकीए छीए के आपणो आ मत हरिभद्र करतां य जूनो ठरे छे

जे प्रसंगमां हरिभद्रे उपर्युक्त उल्लेखने मूकेलो छे ते ज प्रसंगमां वादिदेवसूरिना गुरु आचार्य मुनिचंद्र पण एज उल्लेखने (हरिभद्रना धर्मबिंदुनी टीकामां) मूके छे धर्मबिंदु पृ० ७७, द्वितीय अध्याय आत्मानंद सभानी आवृत्ति

आचार्य मलयगिरि पण प्रज्ञापनानी पोतानी टीकामां एवा ज प्रसंगमां एज वातने जणावे छे—प्रज्ञापनासूत्र टीका समितिनुं पृ ६०

हेमचंद्रनी पछी थयेला आचार्यो द्वारा पण एज मतने टेको आपवामां आव्यो छे—

आचार्य प्रभाचंद्रे बनावेला अने श्रीप्रद्युम्नसूरिए शोधेला प्रभावकचरित्रमां (पृ० ९८–९९) जणाव्युं छे के,

"अन्यदा लोकवाक्येन जातिप्रत्ययतस्तथा।
मा वास्यात् संस्कृताभ्यासी कर्मदोषात् प्रबो(धा)धितः॥१०९

---

१ उपरना बधा उल्लेखोमां वपरायेलो 'प्राकृत' शब्द प्राकृत भाषानो सूचक छे अनुयोगद्वारसूत्रमां प्राकृत शब्द प्राकृतभाषाना अर्थमां वपरायेला छे (पृ १३१ ब) वैयाकरण वररुचिना समयथी तो ए शब्द ए अर्थमां वपरातो आव्यो छे अने ए पछीना आचार्योए पण ए शब्दने एज अर्थमां वापर्यो छे माटे कोईए अहीं ए शब्दने भरमावो नहि

सिद्धान्तं संस्कृतं कर्तुमिच्छन् संघ न्यजिज्ञपत् ।
प्राकृते केवलज्ञानिभाषितेऽपि निरादरः ॥ ११०

\+ + +

यदि (इदं) विश्रुतमस्माभिः पूर्वेषां संप्रदायतः ।
चतुर्दशापि पूर्वाणि संस्कृतानि पुराऽभवन् ॥ ११४
प्रज्ञातिशयसाध्यानि तान्युच्छिन्नानि कालतः ।
अधुनैकादशाङ्गयस्ति सुधर्मस्वामिभाषिता ॥ ११५
बालस्त्रीमूढमूर्खादिजनानुग्रहणाय सः ।
प्राकृतां तामिहाऽकार्षीदनास्थाऽत्र कथं हि वः " ॥ ११६

अर्थात् " सिद्धसेन दिवाकर नामना सुप्रसिद्ध जैनाचार्ये प्राकृत जैन आगमोने संस्कृतमा करवानी इच्छा करी " आटलुं जणावी ग्रंथकार पोताना तरफथी वधु जणावता कहे छे के, " बाल, स्त्री, अने मूर्ख वगेरेनी सगवडताने माटे पूर्व पुरुषोए–सुधर्मस्वामिए–ए आगमोने प्राकृतमा रच्या छे, तो एमा आपणे शामाटे अनास्था करवी ?"

" यत उक्तमागमे " अर्थात् ' आगममा कह्युं छे के ' एम लखीने श्रीविजयानदसूरि पोताना तत्त्वनिर्णयप्रासादमा जणावे छे के,

मुत्तूण दिट्ठिवाय कालिय–उक्कालियंगसिद्धंत ।
थीबालवायणत्थ पाययमुइयं जिणवरेहिं ॥

अने साथे हरिभद्रे उद्धरेलो श्लोक पण टांके छे. (खरी रीते तो आ प्राकृत गाथाने हरिभद्रनी पहेला ज मूकवी जोइए पण मने एनुं मूळ स्थान न जडवाथी एना उध्धृत करनारना काळक्रममा एने मूकवामा आवी छे.)

अनुयोगद्वार सूत्रमा जणाव्यु छे के,

" सक्कया पायया चेव भणिइओ होंति दोण्णि वा "

(पृ. १३१ समिति)

अर्थात् 'संस्कृत अने प्राकृत बे भाषाओ छे'

आ उल्लेख गीतनी भाषाना प्रसंगमां छे आ उपरथी एटलुं तो जरुर तारवी शकाय के, अनुयोगद्वारना समयमां अर्धमागधीने प्राकृतथी जुदी ज गणवामां आवती होत तो सूत्रकार प्राकृतनी साथे ज पोतानी प्रिय अने देवभाषा तरीके प्रसिद्धि पामेली अर्धमागधीने पण सूचववी मूके खरा !

आ प्रमाणे एक नहिं पण अनेक जैनाचार्योए वर्तमान आगमोनी भाषाने स्पष्ट शब्दमां प्राकृत कहेली छे माटे अमे पण अहीं ए ज मतने स्वीकारेलो छे, अने तेथी ज प्रस्तुत व्याकरणमां पण जैन आगमोनां केटलांक विशिष्ट रूपोने प्राकृतना व्याकरण साथे ज नोंघेलां छे

आ तो जैनाचार्योनी ज दृष्टिए आगमोमां आवेली भाषाना संबंधमां चर्चा थइ, तदुपरांत बीजी त्रण दृष्टिए पण अर्धमागधी भाषानी चर्चा थइ शके छे तेमां—

पहेली दृष्टि भरतना नाट्यशास्त्रनी,
बीजी दृष्टि प्राकृत भाषानां व्याकरणोनी
अने त्रीजी दृष्टि अशोकनी धर्मलिपिओनी
भरतना नाट्यशास्त्रमां कह्युं छे के,
" चेटानां राजपुत्राणां श्रेष्ठिनां चार्धमागधी "

भरतना० अध्याय १७ श्लो० ५०

नाटकोमां पात्र तरीके आवता चेटो, राजपुत्रो अने शेठियाओ अर्धमागधी भाषा बोले छे भरतना आ उल्लेखथी आपणे नाटकोमां ते ते पात्रोनी भाषाद्वारा अर्धमागधीना स्वरूपने कळी शकीशुं

नाटकोनी भाषाना नमूना—

(भासनु प्रतिज्ञायौगंधरायण)

भटः—को काळो अहं भट्टिदारिआए वासवदत्ताए उदए कीळिदु-
कामाए भद्दवदीपरिचारअं गत्तसेवअं ण पेक्खामि। भाव पुप्फ-
दंतअ गत्तसेवअं ण पेक्खामि । किं भणासि एसो गत्तसेवओ
कण्डिळसुडिगिणीए गेह पविसिअ सुर पिवदि त्ति। पृ० १०२

भट.—सव्वं दाव चिट्ठदु राअउळे भद्दपीठिअं ण णिक्कामिअ कुदो
अअं आहिण्डदि त्ति। पृ० १०६

भट—कि णु खु एव + होदु, इमं वुत्तंत्त अमच्चस्स णिवेदेमि।
पृ० १०६

(भासनुं चारुदत्त)

चेट·—अम्मो अय्यमेत्तेओ।

चेट—अम्मो भट्टिदारओ। पृ० ६७

चेट—सुहोदेसु पादेसु भूमीए पळोट्टिदव्व। पृ० ६८

(भासनुं स्वप्नवासवदत्त)

भटौ—उस्सरह उस्सरह अय्या उस्सरह। पृ० ८

चेटी—एदु एदु भट्टिदारआ इदं अस्समपदं पविसदु। पृ० १९

चेटी—अत्थि राओ पज्जोदो णाम उज्जइणीए सो दारअस्स कारणादो
दूदसपादं करेदि पृ० १७

(शूद्रकनु मृच्छकटिक)

चेटः—अज्जुए चिश्ट, चिश्ट।

उत्ताशिता गच्छशि अंतिका मे
शंपुण्णपुच्छा विअ गिम्हमोरी।
ओवग्गदी शामिअ भश्टके मे।
वणे गडे कुक्कुरशावके व्व॥ पृ० २७

अर्थात् ' संस्कृत अने प्राकृत बे भाषाओ छे. '

आ उल्लेख गीतनी भाषाना प्रसंगमां छे आ उपरथी एटलुं तो जरुर तारवी शकाय के, अनुयोगद्वारना समयमां अर्धमागधीने प्राकृतथी जुदी ज गणवामां आवती होत तो सूत्रकार प्राकृतनी साथे ज पोतानी प्रिय अने देवभाषा तरीके प्रसिद्धि पामेली अर्धमागधीने पण सूचवी मूके खरा !

आ प्रमाणे एक नहि पण अनेक जैनाचार्योए वर्तमान आगमोनी भाषाने स्पष्ट शब्दमां प्राकृत कहेली छे माटे अमे पण अहीं ए ज मतने स्वीकारेलो छे, अने तेथी ज प्रस्तुत व्याकरणमां पण जैन आगमोनां केटलांक विशिष्ट रूपोने प्राकृतना व्याकरण साथे ज नोंधेलां छे

आ तो जैनाचार्योनी ज दृष्टिए आगमोमां आवेली भाषाना संबधमां चर्चा थइ, तदुपरांत बीजी त्रण दृष्टिए पण अर्धमागधी भाषानी चर्चा थइ शके छे तेमां—

पहेली दृष्टि भरतना नाट्यशास्त्रनी,
बीजी दृष्टि प्राकृत भाषानां व्याकरणोनी
अने त्रीजी दृष्टि अशोकनी धर्मलिपिओनी
भरतना नाट्यशास्त्रमां कह्युं छे के,
" चेटानां राजपुत्राणां श्रेष्ठिनां चार्धमागधी "

भरतना० अध्याय १७ श्लो० ५०

नाटकोमां पात्र तरीके आवता चेटो, राजपुत्रो अने शेठियाओ अर्धमागधी भाषा बोले छे भरतना आ उल्लेखथी आपणे नाटकोनां ते ते पात्रोनी भाषाद्वारा अर्धमागधीना स्वरूपने कल्पी शकीशुं

नाटकोनी भाषाना नमूना—

ए नाटकोनां पात्रोनी भाषामा अने आगमोनी भाषामा केटलो वधो तफावत छे ?

हवे आपणे जोईए के, प्राकृत व्याकरणोनी दृष्टिए आगमोनी भाषाने अर्धमागधीनुं नाम आपी शकाय के केम ?

प्राकृत व्याकरणो तो घणां छे, ए वधांना नामो पण हवे पछी आपवाना छे. वधा प्राकृत व्याकरणोमा वररुचिनो प्राकृतप्रकाश वधारे प्राचीन छे. एमा 'मागधी' नी प्रकृति तरीके शौरसेनीने कही छे अने शौरसेनी करता जे विशेषता छे ते आ प्रमाणे बतावी छेः—

१ मागधीमा 'ष' अने 'स' ने बदले 'श' बोलवो.
२ ,, 'ज' ने बदले प्रायः 'य' बोलवो.
३ ,, चवर्गना कोइ अक्षरनो लोप न करतां जेम होय तेम ज बोलवुं.
४ ,, 'र्य' अने 'द्य' नो 'य्य' बोलवो.
५ ,, 'क्ष' ने बदले 'स्क' बोलवो.
६ ,, अकारात शब्दना प्रथमाना एक वचनमा 'इ' अने 'ए' प्रत्यय वापरवो.
७ ,, मागधीमां अकारान्त भूतकृदंतना प्रथमाना एक वचनमा उपरना वे प्रत्ययो उपरांत 'उ' प्रत्यय पण वापरवो.
८ ,, षष्ठीना एकवचनमां 'ह' प्रत्यय वापरवो.
९ ,, संबोधनना एकवचनमा अन्त्य 'अ' नो 'आ' करवो.
१० ,, 'स्था' ने बदले प्राकृतमा वपराता 'चिट्ठ' ना स्थानमा 'चिष्ठ' धातु वापरवो.

चेटः—अमेहि अ लागअछइ तो साहिहिशी मच्छमराक ।

एदेहिं मच्छमेशकेहिं गुणभा मडभ ण शेवदि ॥ पृ० ११

आ बधी भाषा चेटोनी छे

राजपुत्रनी भाषा आ प्रमाणे छेः

(कालीदासनु शाकुतल)

बाळ –णिम णिम दंदाणि ते गणइस्सं पृ० २९९

बाळ—बलिअ मीद म्हि पृ० २९१

बाळ –इमिणा एव्व दाव कीळिस्स पृ० २९८

हवे शेठियाओनी भाषाओ नमुनो—

(शूद्रकनु मृच्छकटिक)

चन्दनदास—जेदु अज्जो

चन्दनदास —किं ण जाणादि अज्जो अह अणुचिदो उवआरो परिहवादो वि महत्तं दु खं उप्पादेदि । ता इह ज्जेव उचिदाए भूमीए उवविसामि ।

चन्दनदास—अह ई अज्जस्स प्पसाएण अक्खण्डिदा वणिज्जा । पृ० १४

चन्दनदास —आणवेदु अज्जो किं केत्तिअं इमादो जणादो इच्छीअदि त्ति ।

चन्दनदास—अज्ज अलिअ एद केणवि अणज्जेण अज्जस्स णिवेदिद । पृ० १५

चन्दनदास —फळेण संवादिदं सोहदि दे विकत्थिद । पृ० १७

मात्स्यालंकार भरतना उल्लेख प्रमाणे चट, राजपुत्र अने शेठनी भाषाने अर्धमागधी कहेवामां आवे छे एना नमुना उपर आपवामां आव्या छे उपरना नमुनानी भाषा साथे आपणे आगमोनी भाषाने सरखावीए तो केवळ सांभळवा मात्रथी ज ए भेद जणाई आवे के,

ए नाटकोना पात्रोनी भाषामा अने आगमोनी भाषामां केटलो बधो तफावत छे ?

हवे आपणे जोईए के, प्राकृत व्याकरणोनी दृष्टिए आगमोनी भाषाने अर्धमागधीनुं नाम आपी शकाय के केम ?

प्राकृत व्याकरणो तो घणां छे, ए बधाना नामो पण हवे पछी आपवाना छे. बधा प्राकृत व्याकरणोमा वररुचिनो प्राकृतप्रकाश वधारे प्राचीन छे. एमा 'मागधी' नी प्रकृति तरीके शौरसेनीने कही छे अने शौरसेनी करता जे विशेषता छे ते आ प्रमाणे बतावी छे:—

१ मागधीमा 'ष' अने 'स' ने बदले 'श' बोलवो.

२ ,, 'ज' ने बदले प्राय: 'य' बोलवो.

३ ,, चवर्गना कोइ अक्षरनो लोप न करता जेम होय तेम ज बोलवुं.

४ ,, 'र्य' अने 'द्य' नो 'य्य' बोलवो.

५ ,, 'क्ष' ने बदले 'स्क' बोलवो.

६ ,, अकारांत शब्दना प्रथमाना एक वचनमा 'इ' अने 'ए' प्रत्यय वापरवो.

७ ,, मागधीमां अकारान्त भूतकृदंतना प्रथमाना एक वचनमा उपरना बे प्रत्ययो उपरांत 'उ' प्रत्यय पण वापरवो.

८ ,, षष्ठीना एकवचनमा 'ह' प्रत्यय वापरवो.

९ ,, संबोधनना एकवचनमा अन्त्य 'अ' नो 'आ' करवो.

१० ,, 'स्था' ने बदले प्राकृतमा वपराता 'चिट्ठ' ना स्थानमा 'चिष्ठ' धातु वापरवो.

११ „ 'कृत' ने बदले 'कड' 'मृत' ने बदले 'मड' अने 'गत' ने बदले 'गड' रूपो वापरवां

१२ „ संबधक भूतकृदन्तने सूचववा 'त्वा' प्रत्ययने बदले 'दाणि' प्रत्यय वापरवो

१३ „ 'हृदय' ने बदले 'हडक,' 'अहं' ने बदले 'हके' 'हगे' 'अहके' अने 'शृगाल' ने बदले 'शिआल' तथा 'शिआलक' शब्दो वापरवा

वररुचिए बतावेलुं मागधीनुं स्वरूप उपर प्रमाणे छे, आ सिवाय शौरसेनीना जे नियमो वररुचिए आपेला छे तेमांना निरपवाद नियमो मागधीमां पण उतरी लेवाना छे. आगमोनी भाषाने जोतां तेमां फक्त वररुचिए बतावेला १ ली विशेषतानो य अमुक अंश ('ए' नी वपराश) जोवामां आवे छे, तो मागधीना एक ज अंशनी वपराशने लीधे आगमोनी भाषा अर्धमागधी कहेवाय के नहि? ए सारखो म विचारी ल

'वर्तमान आगमोनी भाषामां मागधभाषानुं स्वरूप केटले अंशे दखाय छे?' ए प्रश्ननी परीक्षा करतां आपणे भास वगेरेनां नाटको जोयां, प्राचीन वैयाकरण वररुचिने तपास्यो हवे अशोकनी धर्म लिपिओनी भाषाने पण आपणे जोइ लईए. ए लिपिओनी भाषाने 'कई भाषा कहेवी?' ए प्रश्न हजी विवादग्रस्त छे तो पण एने 'प्राचीनमागधी' कहेवामां कोइ दोष जणातो नथी—बौद्धोनां त्रिपि

१ मागधीने लगतुं स्वरूप अने उदाहरणो माटे जुओ प्राकृत प्रकाश पृ १२८ थी १३२ तथा १३९ थी १३७ अथवा ११ मो परिच्छेद अने बारमो परिच्छेद

२ आगमोनी भाषानां उदाहरणो माटे जुओ "जैन आगम साहित्यनी मूळ भाषा कइ ए लेख (जैन साहित्यसंशोधक पु १ अं १ पृ ११ थी १७)

टकनी भाषा ए लिपिओनी साथे सरखामणीमा आवी शके एवी छे. त्रिपिटकमा पण 'मागधी' भाषानो उपयोग थयानुं नीचेनी गाथा जणावे छे[1].

अशोकनी धर्मलिपिओमा वपराएली भाषानुं बंधारण तपासतां आ नीचे जणावेला मुख्य नियमो उपजी शके छे:

१ अद्विर्भाव (वर्णनुं नहि बेवडावुं)

'संयुक्त अक्षर अनादिमा होय अने सयुक्त अक्षरमांनो एक अक्षर लोपाय त्यारे जे शेष अक्षर होय छे ते बेवडाय छे अथवा सयुक्त अक्षरनी पहेलानो ह्रस्व स्वर दीर्घ थाय छे'

प्राकृत भाषाओनो आ एक साधारण नियम छे. अशोकनी धर्मलिपिओनी भाषामा ए नियम क्वचित् ज सचवाएलो जोवाय छे पण जैन आगमोनी भाषामा प्राकृतना नियम प्रमाणे ए नियम बराबर सचवाएलो छे

लिपिओनी भाषामा वपराएला एवा द्विर्भाव विनाना अने दीर्घस्वर विनाना रूपो[2] आ प्रमाणे छे:

लिपिओनी भाषा	आगमभाषा	सस्कृतरूप
अप	अप्प	अल्प
कप	कप्प	कल्प

१ "सा मागधी मूलभासा नरा याया ऽऽदिकप्पिका ।
ब्रह्मुना चस्सुतालापा संबुद्धा चापि भासरे" ॥

२ आमा अशोकनी धम्मलिपिमाथी जे रूपो आप्या छे ते उदाहरण रूपे छे, एने मळता बीजा अनेक रूपो छे. पण बधा अहीं विस्तार भयथी आप्या नथी. बीजी ए एक वात लक्ष्यमा राखवानी जरुर छे के, अशोकना प्रान्तीय पाठ भेद पण केटलेक ठेकाणे छे, जो के में बने त्या सुधी सर्व साधारण रूपो लेवानो प्रयत्न कर्यो छे.

युत	युत्त	युक्त
निखम	निक्खम	निष्क्रम
कलाण	कल्लाण	कल्याण

२ 'र' नो वैकल्पिक 'ल'

अशोकनी लिपिओमां 'र' ना स्थाने सर्वत्र 'ल' नो प्रयोग वैकल्पिक रीते थएलो देखाय छे त्यारे जैन आगमोमां प्राकृत भाषाना धोरणनी पेठे 'र' नो ज प्रयोग कायम रहेलो छेः

लि॰	आ॰	सं॰
आदिकले आदिकरे	आइकरे आइगरे	आदिकर
परिसा पलिसा	परिसा	पर्षद्
चरणं चलनं	चरणं	चरणम्
हिरंन हिलंन	हिरण्ण	हिरण्य
मरणं मलने	मरणं	मरणम्

३ अनादि—असंयुक्त व्यंजननो लोप

अशोकनी धर्मलिपिओमां अनादि—असंयुक्त क, ग, च, ज, त, द, प य, अने व लोपाता नथी त्यारे आगमोनी भाषामां प्राकृत भाषानी पेठे ए बधा अक्षरो लोपाएला छे

लि॰	आ॰	सं
सुकतं	सुकयं	सुकृतम्
मिगे	मिए	मृग

उचावुचछंदो	उच्चावयच्छदो	उच्चावचच्छन्दः
समाजसि	समायम्मि	समाजे
एते	एए	एते
विवादे	विवाओ	विवादः
पापुनाति	पाउणइ	प्राप्नोति
		वगेरे

४ श, स, ष नो उपयोग

अशोकनी धर्मलिपिओमां श, ष, अने स नो उपयोग थएलो छे त्यारे आगमनी भाषामा प्राकृत भाषानी पेठे मात्र एक 'स' नो ज उपयोग थएलो छे:

लि०	आ०	सं०
पशु षसु	पसु	पशु
शत सत	सय	शत
दोस दोष	दोस	दोष
ओषढिनि ओसधानि	ओसहाणि	औषधानि
सार शाल	सार	सार
पंचसु पंचषु	पंचसु	पञ्चसु

५ विजातीय संयुक्त व्यंजननी वपराश

अशोकनी धर्मलिपिओमां विजातीय संयुक्त व्यंजनोनी वै-कल्पिक वपराश घणो छे त्यारे जैन आगमोनी भाषामां प्राकृत भाषाना बंधारण प्रमाणे ए वपराश ज नथी

शि०	प्रा०	सं०
प्राण पान	पाण	प्राण
दिव्यानि दिवियानि	दिव्वाइं	दिव्यानि
सेठे सेस्टे	सेट्ठे	श्रेष्ठ
अस्ति अस्ति	अत्थि	अस्ति
सहसानि सहस्रानि	सहस्साइं	सहस्राणि
पुत पुत्र	पुत्त	पुत्र
मित मित्र	मित्त	मित्र
नास्ति नथि	नत्थि	नास्ति
समण श्रमण	समण	श्रमण वगेरे

६ 'स' 'ष' 'श' 'ज' नो ह

अशोकनी धर्मलिपिओमां 'स' 'ष' 'श' अने 'ज' अनुक्रम

रहे छे त्यारे जैन आगमोनी भाषामा प्राकृत भाषा प्रमाणे ए चारेने स्थाने 'ह' थएलो छे:

लि०	आ०	सं०
लिखित	लिहिअ	लिखित
सुख	सुह	सुख
यथा	जहा	यथा
तथा	तहा	तथा
बहुविध	बहुविह	बहुविध
वध	वह	वध
साधु	साहु	साधु
आलभितु	आलहिउ	आलभताम्
		वगेरे

७ 'न' नो 'ण'

अशोकनी धर्मलिपिओमा 'न' नो 'ण' नथी थएलो त्यारे जैन आगमोनी भाषामा प्राकृतना नियम प्रमाणे 'न' नो 'ण' थएलो छे

लि०	आ०	सं०
देवानं	देवाण	देवानाम्
पियेन	पियेण	प्रियेण
अनुदिवसं	अणुदिवसं	अनुदिवसं
बहूनि	बहूणि	बहूनि
दान	दाणं	दानम्
महानससि	महाणससि	महानसे

८ 'ण' नो न

अशोकनी धर्मलिपिओमां 'ण' ने स्थाने 'न' पण वपराएलो छे त्यारे आगमोनी भाषामां तेम नथी मणातु

लि॰	आ०	सं॰
गननासि / गणनसि	गणने	गणने

९ 'त' नो ट

अशोकनी धर्मलिपिओमां एकला 'त' नो के संयुक्त 'त' नो 'ट' थएलो छे त्यारे जैन आगमोनी भाषामां ए स्थळे प्राकृतनी प्रक्रिया प्रमाणे एकला 'त' नो 'ड' थएलो छे अने संयुक्त 'त' नो 'त' थएलो छे

लि॰	आ॰	सं०
पटिवेदना	पडिविभणा	प्रतिवेदना
पटिपाति	पडिवत्ति	प्रतिपत्ति
कट	कड, कय	कृत
मट	मड, मय	मृत
कटव / कटविय	कायव्व	कर्तव्य
किति / किटी	कित्ति	कीर्ति वगेरे

१० 'प' नो व

अशोकनी धर्मलिपिओमां 'प' नो 'व' नथी थएलो पण जैन आगमोनी भाषामां प्राकृतनी पेठे 'प' नो 'व' थएलो छे

लि०	आ०	स॰
लिपि	लिवि	लिपि
रूपा	रूवा	रूपा
पापं	पाव	पापम्

प्रेरक प्रक्रिया ना प्रत्ययो } आप, आपे | आव, आवे |
|---|---|---|
| सामीपं | सामीव | समीपम् |
| | | वगेरे |

११ ' द्य ' नो य

अशोकनी धर्मलिपिओमा ' द्य ' नो ' य ' थएलो छे त्यारे जैन आगमोनी भाषामा प्राकृतनी पद्धति प्रमाणे ' द्य ' नो ' ज्ज ' करवामा आवेलो छे:

लि०	आ०	स०
उयान	उज्जाण	उद्यान
उयाम	उज्जम	उद्यम

१२ ' ञ ' नो उपयोग

अशोकनी धर्मलिपिओमा ' न्य, ' ' ण्य ' अने ' ज्ञ ' ने स्थाने ' ञ ' नो पण उपयोग थएलो छे त्यारे जैन आगमोनी भाषामां ए त्रणेने स्थाने प्राकृतनी प्रमाणे ' न्न, ' ' ण ' के ' ण्ण ' नो ज व्यवहार थएलो छे:

लि०	आ०	सं०
हञति	हणंति, हन्नति	घ्नन्ति
मञति, मनति	मन्नइ	मन्यते
अञ, अन	अण्ण, अन्न	अन्य
हिरञ	हिरण्ण	हिरण्य
पुञ, पुन	पुन्न, पुण्ण	पुण्य

ञाति नाति	नाइ	ज्ञाति
रञो	रण्णो	राज्ञ वगेरे

१३ ति अने तु

अशोकनी धर्मलिपिओनां क्रियापदोमां 'ति' अने 'तु' प्रत्ययो वपराएला छे त्यारे आगमोनी भाषामां प्राकृतनी शैली प्रमाणे 'इ' अने 'उ' प्रत्ययो वपराएला छ

लि०	भा०	स०
भोतु होतु	होउ	भवतु
होति भाति	होइ	भवति
कलेति	करेइ	करोति वगेरे

१४ त्य नो च

अशोकनी धर्मलिपिओमां 'त्य' नो 'च' वैकल्पिक रीते वपराएलो छे त्यारे आगमोनी भाषामां प्राकृतना धोरण प्रमाणे 'त्य' ना 'च' ज करवामां आवेलो छे

लि०	भा०	स०
सातिय– सतिय–	सच	सत्य
आचायिक अतियायिक	अच्चाइअ	आत्ययिक
निच	निच्च	नित्य

चज तिज	} चय	त्यज
		वगेरे

१५ नामने लगता प्रत्ययो

प्रथमाना	लि०	आ
एकवचननो		
प्रत्यय--	ए	ए
	ओ	ओ
चतुर्थीना एकवचननो		
प्रत्यय--	य	
	ये	ए
स्त्रीलिंगी नामने लगता		
तृतीयाथी सप्तमी सुधीना		
प्रत्ययो--	य	
	या	
	ये	ए

१६ 'राजन्' ना रूपो

अशोकनी धर्मलिपिओमा 'राजन्' शब्दना जे
मळे छे तेमानु एक रूप पण आगमोनी भाषमा मळ
मळे छे ते बधा प्राकृतना धोरणे सधाएला छे·

लि०	आ०	सं०
लाजा	राया	राजा
लाजानो राजानो }	रायाणो	राजान

लाजिना राजा	रण्णा	राज्ञा
लाजिने लाजाने	रण्णो	राज्ञे
रञो राञो	रण्णो	राज्ञ

आ उपरांत—

ए धर्मलिपिओमां अनादि 'ट' नो 'ट' ज रहेलो छे (घटिते) त्यारे जैन आगमोनी भाषामां प्राकृत प्रमाणे 'ट' ने बदले 'ड' थएलो छे (घडिए)

ए धर्मलिपिओमां 'अह' ने बदले 'हकं' रूप पण वपराएलुं छे त्यारे आगमोनी भाषामां क्यांय ए रूपनो उपयोग ज थयो थएलो

आ रीते अशोकनी धर्मलिपिओनी प्राचीन मागधीनुं स्वरूप पण वर्तमान आगमोनी भाषामां एने अर्धमागधी कहेवरावता पूरतु य घटी शकतु नथी, ए हकीकत उपर जणावेलां उदाहरणोथी ज जाणी शकाय एम छे

ए आगमोनी छेल्ली संकलना थया पहेलां, एमां जेवी भाषा जळवाई छे तेवी नहि होय ए हकीकत तो आगमोमां रहेलां केटलांक जूनां रूपो उपरथी ज जाणी शकाय एवी छे

आगमोनी रचनासमयनी भाषाना अने देवर्धिगणिनी संकलना-समयनी भाषाना अंतरने समजवा माटे गूजराती भाषानुं नीचेनुं उदाहरण बस छे

सं. १७३९ नी भाषा	सं. १९४४ नी भाषा
" समवसरणनुं हुउं रे मंडाण,	समवसरणनो हुओ रे मंडाण,
माणिक हेम रजत सुप्रमाण ।	माणिक हेम रजत सुप्रमाण ।
सिंहासनी वईठा जिनवीर,	सिंहासन बेठा जिन वीर,
दिइ देशना अरथ गंभीर ॥	दीए देशना अर्थ गभीर ॥
विद्युनमाली सुर तिहा आवइ,	विद्युन्माली सुर तीहां आवे,
जिन वांदी आनद बहु पावइ ।	जिन वंदी आनंद बहु पावे ।
चरम केवली कुण प्रभु थास्यइ,	चरमकेवली कुण प्रुभ थाशे,
श्रेणिक पूछइं मन उल्लासइ ॥	श्रेणिक पूछे मन उल्लासे ॥
प्रभु कहइ सुणि श्रेणिक नृपचंद,	प्रुभ कहे सुण श्रेणिक नृपचद,
ब्रह्मलोक सामानिक इंद ।	ब्रह्मलोक सामानिक इद ।
चउदेवीयुत विद्युनमाली,	चउदेवीयुत विद्युन्माली,
सातमेइं दिनि ए चवी शुभशाली ॥	सातमे दिने ए चवी शुभशाली ॥
ऋषभदत्तसुत तुज पुर ठामइं,	ऋषभदत्तसुत तुज पुर ठामे,
चरम केवली जम्बू नामइ ।	चरम केवली जम्बू नामे ।
होस्यइ ते सुणि देव अनाढी,	होस्ये ते सुणी देव अनादी,
हरषइ परखइं निज कुल आढी[1] ॥"	हरखे परखी निजकुल आदी ॥"
(यशोविजयजीए रचेली अने तेमनी हस्तलिखित प्रतिमाथी उतारेली)	(यशोविजयजीए रचेली अने जंबुस्वामिना रासनी चोपडी-माथी उतारेली)

१ जूओ छट्ठी गूजराती साहित्यपरिषदनो रिपोर्ट पृ० ९२ मुनि कल्याणविजयजीनो निबंध.

उपर आपेली कविता एक ज कर्तानी छे, छतां एमां काळभेदने लीधे केवो फेरफार थएलो छे, ए, जाडा अक्षरोमां मूकेलां रूपो उपरथी जणाइ आवे छे

जो के १० मा सैकानी असरथी रूपांतर पामेली ए कवितामां १८ मा सैकानी कविनी भाषानां केटलां य रूपो मळवाइ रह्यां छे तो पण रूपांतर पामेली ए कवितानी भाषाने कांइ १८ मा सैकानी नहि कहेवाय तेम १८ मा सैकानी भाषाथी मिश्रित पण नहि कहेवाय ते ज रीते श्री वीरना १ ०० मा सैकामां रूपांतरने पामेला ए आगमोमां भगवान महावीरना समये रचाएला आगमोनी भाषानां केटलां य रूपो मळवाइ रह्यां होय तो पण ए वीरना १०० मा सैकामां रूपांतरने पामेला आगमोनी भाषाने कांइ वीरना समयनी भाषा नहि कहेवाय तेम वीरना समयनी भाषाथी मिश्रित पण नहि कहेवाय. तात्पर्य ए छे के, भास वगेरे प्राचीन कविओनी, वररुचिनी अने छेवट अशोकनी धर्मलिपिओनी मागधी भाषानुं थोडुं घणुं पण स्वरूप वर्तमान आगमोमां रहेलुं होय तेम जणातुं नथी तो पछी आगमोनी भाषाने 'अर्धमागधी' नाम कइ रीते अपाय?

अत्यार सुधी तो आपणे 'अर्धमागधी' ना संबंधमां पुरातन ग्रंथ लेख अने व्याकरणने आधारे विचार कर्या, पण हवे ए संबंधमां आधुनिक ग्रंथकारोनो अभिप्राय पण जोइ लइए

फक्त मार्कंडेय अने क्रमदीश्वर सिवाय बीजा कोइ अर्वाचीन वैयाकरण अर्धमागधीना स्वरूपने लगतो कांइ उल्लेख कर्यो जणातो नथी

मार्कंडेय कहे छे के —

" शौरसेन्या अदूरत्वाद् इयमेवार्धमागधी ॥

प्राकृतसर्वस्व पृ० १०१

आम लखीने ए ज ग्रथकार अर्धमागधीना उदाहरण तरीके आ वाक्य आपे छे—

" अज्ज वि णो शामिणीए हिलिम्बादेवीए पुत्तघड्डुक्कअशोए ण उवशमदि " (वेणीसंहार तृतीय अक)

अने साथे—

" राक्षसी–श्रेष्ठि–चेटाऽनुकम्प्यादेरर्धमागधी "

ए भरतनु वाक्य पण टाकी बतावे छे.

क्रमदीश्वर पोताना संक्षिप्तसारप्राकृतपादमा जणावे छे के.

" महाराष्ट्रीमिश्राऽर्धमागधी " ५–९८

आ उल्लेखनी व्याख्या करता आचार्य विधुशेखर भट्टाचार्य आ प्रमाणे जणावे छे—

" अर्धमागधी शब्द टि द्वाराई जानिते पारा याईते छे ये, ए भाषार शब्दप्रभृतिर अर्ध अंश ठीक मागधी अर्थात् प्राकृतमागधी। तबे ताहार अपर अपर अर्ध अश कि ? क्रमदीश्वर बलियाछेन ताहा महाराष्ट्री–प्राकृतमागधी महाराष्ट्री सहित मिश्रित हईया अर्धमागधी नाम धारण करे।

ताहार उदाहरण—

लभशवशनमिलशुलशिलविअलिदमदाललाजिदहिजुगे ।
वीलजिने पक्खालदु मम शयलमवज्जजवाल ॥ "

पालिप्रकाशनी प्रस्तावना पृ० १६–१७

उपर्युक्त बने वैयाकरणोए जणावेलु अर्धमागधीनुं स्वरूप आगमोनी भाषामा घटी शके खरु ? आ प्रश्ननो उत्तर आ० विधु-शेखरजीए जणावेली उपर्युक्त गाथा ज आपी रही छे.

आ उपरथी वाचको जाणी शकशे के, वैयाकरणोए अर्धमागधीनु जे लक्षण नक्की कर्यु छे ते आगमोनी भाषामां घटे छे के नहि ?

मार्कंडेय वगेरेए नक्की करेलुं अर्धमागधीनुं स्वरूप आ पुस्तकमां शौरसेनीमां अने मागधीमां आवी जाय छे, एथी पण अहीं अर्धमागधीने माटे जुदुं प्रकरण राखवामां नथी आव्यु

प्राकृतनां केटलांक व्याकरणोनां अने तेनी वृत्तिओनां नामो

	नाम	कर्ता	संवाद
१	प्राकृतप्रकाश	वररुचि	प्रसिद्ध छे
२	प्राकृतलक्षण	चंड	,,
३	प्राकृतव्याकरण	हेमचंद्र	,,
४	प्राकृतसंजीवनी	वसंतराज	आनो उल्लेख मार्कंडेयना 'प्राकृत सर्वस्व'मां छे पृ० १ श्लो० ३
५	प्राकृतकामधेनु	लंकेश्वर	
६	प्राकृतव्याकरण	समंतभद्र	
७	,, वृत्ति	त्रिविक्रमदेव	
८	प्राकृत प्रक्रियावृत्ति (दुंढिका)	उदयसौभाग्य	प्रसिद्ध छे
९	प्राकृतप्रबोध	नरचंद्र	
१०	प्राकृतकल्पतरु	रामतर्कवागीश	

११	प्राकृतचंद्रिका	कृष्णपंडित (शेषकृष्ण)	
१२	”	वामनाचार्य	
१३	प्राकृतमनोरमा	भामह	आनो उल्लेख मार्कंडेयना 'प्राकृत सर्वस्व'मां छे पृ० १ श्लो० ३.
१४	प्राकृरूतपावतार	सिंहराज	प्रसिद्ध छे
१५	प्राकृतदीपिका	चंडीवरशर्मा	
१६	प्राकृतमंजरी	कात्यायन	प्रसिद्ध छे
१७	प्राकृतसर्वस्व	मार्कंडेय	”
१८	प्राकृतानंद	रघुनाथशर्मा	
१९	प्राकृतप्रदीपिका	नरसिंह	
२०	प्राकृतमणिदीपिका	चिन्नबोम्मभूपाल	'षड्भाषाचंद्रिका'नी प्रस्तावना पृ० १७ टि० पृ० १८ टि०
२१	प्राकृतमणिदीप	अप्पयज्वन्	”
२२	षड्भाषामंजरी		
२३	षड्भाषावार्तिक		
२४	षड्भाषाचंद्रिका	लक्ष्मीधर	प्रसिद्ध छे
२५	षड्भाषाचंद्रिका	भामकवि	
२६	षड्भाषासुबंतादर्श		
२७	षड्भाषारूपमालिका	दुर्गणाचार्य	षड्भाषाचंद्रिका पृ० २२–२–२–९ सूत्रनी वृत्ति.

२८ संक्षिप्तसारप्राकृतपाद क्रमदीश्वर आ० विधुशेखरमीनी पालिप्रकाशनी प्रस्ता वना पृ० ११ टि०

२९ प्राकृतव्याकरण शुभचन्द्र मोएलु छे

आ उपरांत शाकल्य, भरत, कोहल (मार्कंडेयनु प्राकृत सर्वस्व पृ० १ श्लो० २) भोज अने पुष्पवननाथ (षड्भाषाचंद्रिकानी प्रस्तावना पृ १७ टि०) आ पंडितोए पण प्राकृत व्याकरणो रचेलां छे

जे व्याकरणोनां नाम अहीं आप्यां छे एमांना फक्त ६ के ७ जोवामां आव्या छे नामो तो घणां 'संगीत विश्वकोश' अने 'केटलोगस् केटलोगोरम'मांथी लईने मूकेलां छे

आ पुस्तकमां पालिप्रकाशनो उपयोग बहु करवामां आव्यो छे तेथी एना कर्ता आचार्य विधुशेखरजी तरफ मारी पूरी कृतज्ञता छे, ए सिवाय जे सज्जनोए मने बहु मूल्य सूचनो कर्यां छे तेओ सर्वा तरफ पण हु पूर्ण कृतज्ञ छु

आ पुस्तकमां खास करीने प्राकृतभाषा सबंधे ज सविशेष लक्ष आपवामां आव्यु छे अने बीजी बीजी भाषाओने लगता मात्र विशेष नियमो ज दर्शाव्या छे, उदाहरणो दर्शाव्यां छे खरां पण ते प्राकृत जेटला नहि अपभ्रंशने समजवा माटे सविशेष शब्दो अने उदाहरणो जरुर मूकवां जोइए पण स्थानाभावने लीधे अहीं तेम नथी बनी शक्यु

प्राकृत भाषाना प्रथम अभ्यासीए प्रथम प्राकृत भाषाना ज नियमो तरफ विशेष लक्ष्य राखवु अने पछी बीजा वाचन वखते बीजी बीजी भाषाओने साथे लेवी

आभार

बनारसमा अभ्यास करती वखते प्राकृतना प्राथमिक अभ्यास माटे 'प्राकृतमार्गोपदेशिका' नामे एक पुस्तक में आजथी १९ वर्ष पूर्वे लख्यु हतु ते पुस्तक करता वधारे विगतवाळु अने विस्तृत व्याकरण लखवा माटे मुबइनी जैनश्वेताबर कॉन्फरन्स ऑफीसे मने प्रेरणा करी, तेथी सं० १९७७–७८मा में कॉन्फरन्स ऑफीस माटे आचार्य हेमचद्रना ज क्रम प्रमाणे मूळ आ व्याकरण तैयार कर्यु हतु. पाछळथी ए पुस्तक रा० रा० केशवलाल प्रेमचद मोदी तरफथी पुरातत्त्वमदिरने छापवा माटे आपवामा आव्यु. मदिरे एने छपाववानो निर्णय कर्यो अने 'आखु पुस्तक हु फरी एकवार जोइ जाउं अने साथे साथे तुलनात्मक पद्धतिनो पण एमा उपयोग करु' एवी सूचना मने मंदिरना मत्री भाइ श्रीरसिकलाल परीख तरफथी करवामा आवी, जे मने एक रीते विशेष उपयोगी लागी अने तेना परिणामे पूर्वे लखेलुं आखुं पुस्तक फरी तपासी तेमा आवश्यक सुधारा वधारा करी हालना रूपमा ए प्रकट करवामा आवे छे. ए माटे ए बधा प्रेरकोने साभार धन्यवाद घटे छे

बेचरदास जीवराज दोशी

विषयानुक्रम

+ 'टि०' एटले टिप्पण

१०	ऌ	=	इलि	७
११	ऐ	=	ए	७
	ऐ	=	ए (पालि) टि० २	७
१२	औ	=	ओ	७
	औ	=	ओ (पालि) टि० ३	७
	अ	=	इ (अपभ्रंश)	८
	अ	=	ई ,,	८
	अ	=	उ ,,	८
	उ	=	अ ,,	८
	उ	=	आ ,,	८
	ऋ	=	अ ,,	८
	ऋ	=	आ ,,	८
	ऋ	=	इ ,,	८
	ऋ	=	उ ,,	८
	ऋ	=	ऋ ,,	८
	ऌ	=	इ ,,	९
	ऌ	=	इलि ,,	९
	ए	=	इ ,,	९
	ए	=	ई ,,	९
	औ	=	अउ ,,	९
	औ	=	ओ ,,	९

प्रकरण ३ जु पृ० १०–२८
सामान्य व्यंजनविकार

नियमांक	उद्देश्य	विधेय	पृष्ठ
१	अंत्यव्यंजन	= लोप	१०
	अन्त्यव्यंजन	= लोप (पालि) टि० १	१०
२	असंयुक्त 'कादि'	= लोप	१०
	(१) त	= द (शौरसेनी, अपभ्रंश)	१२
	त	= द (पालि) टि० १	१२
	(२) ज	= य (मागधी)	१२
	ज	= य (पालि) टि० २	१२
	(३) द	= त (पैशाची)	१२
	द	= त (,,)	१२
	द	= त (पालि) टि० ४	१२
	(४) ग	= क (चूलिकापैशाची)	१३
	ग	= क (पालि) टि० १	१३
	ज	= च (चूलिकापैशाची)	१३
	ज	= च (पालि) टि० २	१३
	(५) क	= ग (अपभ्रंश)	१३
	क	= ग (पालि) टि० ३	१३
३	संयुक्त 'कादि'	= लोप	१४
	क्त	= त्त* (पालि) टि० १	१४
	क्य	= क्य (,,) ,,	१४

* 'क्त' वगेरे संयुक्त अक्षरोने स्थाने 'त्त' वगेरेने स्थापित करवा माटे भारतव्याकरणमां आपेला लोपनी अने द्विर्भावनी प्रक्रिया दर्शावेली छे अने ए ज कामने माटे पालिप्रकाशमां 'क्त' वगेरेना 'त्त' वगेरे आदेशो करेला छे

	ट्फ	= प्फ (,,)	टि० ४	१४
	द्ग	= ग्ग (,,)	टि० ५	१४
	प्त	= त्त (,,)	टि० ६	१४
	श्छ	= च्छ (पालि)	टि० १	१५
	श्म	= म्म (,,)	टि० २	१५
	ष्ट	= ट्ठ (,,)	टि० ३	१५
	ष्ठ	= ट्ठ (,,)	,, ,,	१५
	ष्क	= क्क (,,)	,, ,,	१५
	ष्प	= प्प (,,)	,, ,,	१५
	स्ख	= क्ख (,,)	टि० ९	१५
	स्क	= क्ख (,,)	,, ,,	१५
	स्प	= प्प (,,)	,, ,,	१५
	स्थ	= थ (,,)	,, ,,	१५
	स्थ	= त्थ (,,)	,, ,,	१५
४	सयुक्त 'मादि'	= लोप		१५
	स्म	= स्स* (पालि)	टि० ७	१५
	ग्न	= ग्ग (,,)	टि० २	१६
	ड्य	= ड्ड (,,)	टि० ३	१६
५	सयुक्त 'लादि'	= लोप		१६
	क्ल	= क्क (पालि)	टि० ४	१६
	ध्व	= ध (,,)	टि० ५	१६
	ब्द	= द्द (,,)	टि० ६	१६
	र्क	= क्क (,,)	टि० १	१७
	क्र	= क्क (,,)	टि० २	१७

* जूओ आगला पृष्ठनु टिप्पण.

	(१) 'र'	= लोप (अपभ्रंश)	१७
६	'व्र'	= लोप	१८
	र	= लोप (पालि) टि० २	१८
७	'अत्यल्पमन' नो 'म'		१८
८	'कादि' नो 'य'		१८
	क	= य (पालि) टि० ४	१८
	म	= य (पालि) टि ५	१८
९	'खादि' नो 'ह'		१९
	घ	= ह (पालि) टि० २	१९
	ध	= ह (,,) टि ४	१९
	भ	= ह (,,) टि ५	१९
	(१) थ	= ध (शौरसेनी)	२०
	(२) घ	= ख (चूलिकापैशाची)	२०
	ध	= थ (,,)	२०
	भ	= फ (,,)	२०
	(३) [illegible]	= [illegible] (,,)	२१
१०	ट	= ड	२१
	ट	= ड (पालि) टि १	२१
	(१) टु	= तु (पैशाची)	२१
११	ठ	= ढ	२१
१२	ड	= ल	२२
	ड	= ळ (पालि) टि० १	२२
	(१) ड	= ट (चूलिकापैशाची)	२२
	(२) ढ	= ठ (,,)	२२
	(१) ण	= न (पैशाची)	२२

	ण	= न (पालि) टि० १	२३
१३	न	= ण	२३
	न	= ण (पालि) टि० २	२३
१४	न	= ण	२३
१५	प	= व	२३
	प	= व (पालि) टि० ३	२३
१६	प	= व	२४
	(१) प	= व (अपभ्रंश)	२४
१७	फ	= भ	२४
	फ	= ह	२४
	(१) फ	= भ (अपभ्रंश)	२४
	(१) ब	= प (चूलिकापैशाची)	२५
	ब	= प (पालि) टि० १	२५
१८	ब	= व	२५
	ब	= व (पालि) टि० २	२५
	(१) म	= वँ (अपभ्रंश)	२५
१९	य	= ज	२६
	य	= ज (पालि) टि० १	२६
	(१) य	= य (मागधी)	२६
	(१) र	= ल (मागधी, पैशाची)	२६
	(१) ल	= ळ (पैशाची)	२६
२०	श	= स	२७
	ष	= स	२७
	श	= स (पालि) टि० १	२७
	ष	= स (,,) ,, ,,	२७

(१)		स = श (मागधी)	२७
२१		ह = घ	२८

प्रकरण ४ थुं पृ० २९–४३
संयुक्त व्यंजनोना सामान्य फेरफारो

नियमांक	उद्देश्य	विधेय	पृष्ठ
२२	क्ष	= ख, क्ख	२९–३०
	क्ष	= छ, च्छ	२९–३०
	क्ष	= झ, ज्झ	२९–३०
	क्ष	= ख, क्ख (पालि) टि० १	२९–३०
	क्ष	= छ, च्छ (,,) ,,	२९–३०
	क्ष	= झ, ज्झ (,,) ,,	२९–३०
	क्ष	= ष (,,) टि २	२९
	(१) क्ष	= ≍ क (मागधी)	३०
२३	ष्क	= ख, क्ख	३०
	स्क	= ख, क्ख	३०
	ष्क	= ख, क्ख (पालि) टि० १	३०
	स्क	= ख, क्ख (पालि) टि० १	३०
	(१) संयुक्त 'ष'	= स (मागधी)	३१
	,,	,, (पालि) टि० १	३१
	संयुक्त 'स'	= स (मागधी)	३१
	,,	,, (पालि) टि० १	३१
२४	ष्प	= फ, प्फ	३१
	स्प	= फ, प्फ (पालि) टि० ४	३१
२५	स्फ	= फ, प्फ	३२
	स्फ	= प्फ (पालि) टि० १	३२

	थ्व	= छ, च्छ	३२
	द्व	= ज, ज्ज	३२
	ध्व	= झ, ज्झ	३२
२६	थ्य	= च्छ	३२
	थ्य	= च्छ (पालि) टि० ३	३२
	श्च	= च्छ	३२
	श्च	= च्छ (पालि) टि० ३	३२
	त्स	= च्छ	३२
	त्स	= च्छ (पालि) टि० ३	३२
	प्स	= च्छ	३२
	प्स	= च्छ (पालि) टि० ३	३२
	(१) च्छ	= श्च (मागधी)	३३
२७	द्य	= ज, ज्ज	३३
	य्य	= ज, ज्ज	३३
	र्य	= ज, ज्ज	३३
	द्य	= ज, ज्ज (पालि) टि० १	३३
	द्य	= य्य (,,) ,, ,,	३३
	र्य	= यिर, य्य, रिय (,,) टि० २	३३
	(१) र्य	= य्य (शौरसेनी)	३४
	र्य	= य्य (पालि (टि० १	३४
	(१) द्य	= य्य (मागधी)	३४
	द्य	= य्य (पालि) टि० २	३४
२८	ध्य	= झ, ज्झ	३४
	ध्य	= झ, ज्झ (पालि) टि० ३	३४
	ह्य	= झ, ज्झ	३४
	ह्य	= य्ह (पालि) टि० ५	३४

२९	र्त	= ट्ट	१५
	र्त	= ट (पालि) टि० २	१५
पालिव्याकरणमां[1] आपेला नियमो उपरथी समजी शकाय छे के, संस्कृतनी पेठे गणभेदने लीधे पालिमां ते ते धातुनां रूपो जुदां जुदां बने छे पण प्राकृत व्याकरणना नियमोमां तेम नथी प्राकृत-व्याकरणमां तो पेला गणना के चोथा गणना धातुनी एक सरखी प्रक्रिया छे, पण एटलुं खरु के, ते ते धातुनां रूपो उपरथी सरखामणीने लीधे आपणे संस्कृतमां वपराता ए धातुनो गण जरूर कळी शकीए[2]

---

१ जुओ कात्यायनकृत पालिव्याकरण—आख्यातकल्प

२ दिव्वइ (दीव्यति)

   सिव्वइ (सिव्यति)

   नच्चइ (नृत्यति)

एकंदर रीते संस्कृत करता पालिनी आख्यातप्रक्रिया सरळ छे अने प्राकृतमां तो ए सविशेष सरळ छे.

विभक्तिओ

वर्तमाना, सप्तमी, पचमी, ह्यस्तनी, अद्यतनी, परोक्षा, आशी (आशिरर्थ), श्वस्तनी, भविष्यन्ती अने क्रियातिपत्ति एम [1]दस विभक्तिओ संस्कृतमा छे, पालिमा आशिरर्थ अने श्वस्तनीनो प्रयोग नथी अने प्राकृतमा पंचमी अने सप्तमी एक सरखी छे, ह्यस्तनी, अद्यतनी अने परोक्षा एक सरखी छे, श्वस्तनी अने भविष्यन्ती एक सरखी छे एटले वर्तमाना, आज्ञार्थ–विध्यर्थ, भूतकाळ, भविष्यत्काळ अने क्रियातिपत्ति ए पाच ज विभक्तिओ क्रियापदने लगती छे. आख्यातने लगतो विभक्तिप्रयोग संस्कृतमा जे झीणवटथी करवामा आवे छे तेवी झीणवट पालि के प्राकृतमा नथी. पालिमा ए दरेक विभक्तिना प्रत्ययो जुदा जुदा छे पण प्राकृतमा तो आगळ जणाव्या प्रमाणे ए पाच विभक्तिओमा ज सस्कृतनी बधी विभक्तिओ समाएली छे.

आ चालु प्रकरणमा आख्यात विषे अने केटलाक कृदत विषे समजाववानु छे पण धातुओथी बनता दरेक नामो विषे काई कहेवानु नथी माटे ज धातुना उपयोगनो विभाग करता अहीं जणाववामा आवे छे के, साहित्यमा धातुओनो उपयोग खास करीने बे प्रकारे थएलो छेः **क्रियापदरूपे अने कृदंतरूपे.**

---

१ पाणिनिना सकेत प्रमाणे ए दस विभक्तिओना नाम आ प्रमाणे छे लट्, विधिलिङ्, लोट, लङ् , लिट्, आशीर्लिङ् , लुट्, लृट्, लङ्, अने लुङ्.

क्रियापदरूपे वपराता धातुना रूपाख्यानर्नु नाम 'आख्यात' छे अने कृदंतरूपे वपराता धातुना रूपाख्यानने 'नाम' कहेवामां आवे छे

आख्यातरूपे वपराता धातुना रूपाख्याननी विविधता आ प्रमाणे छे

कर्तरिरूप, कर्मणिरूप, भावेरूप (सद्यभेद), प्रेरककर्तरिरूप, प्रेरककर्मणिरूप, प्रेरकभावेरूप (प्रेरक सद्यभेद) इत्यादि ।

कृदंतरूप वपराता धातुना रूपाख्यानना अनेक प्रकार आ रीते छे

कर्तरि	वर्तमानकृदंत, प्रेरकवर्तमानकृदंत, कर्तृसूचकरूप, भविष्यत्कृदंत, प्रेरकभविष्यत्कृदंत ।
कर्मणि अने भावे-सद्यभेद	वर्तमानकृदंत, भविष्यत्कृदंत, प्रेरकवर्तमानकृदंत, प्रेरकभविष्यत्कृदंत, भूतकृदंत, विध्यर्थकृदंत, प्रेरकभूतकृदंत, प्रेरकविध्यर्थकृदंत ।
भावेरूप	हेत्वर्थकृदंत अने संबंधकभूतकृदंत ।

आ प्रकरणमां अहीं गणावेल क्रम प्रमाणे रूपाख्यानोनी समजूती आपवानी छे

कर्तरिरूप

प्राकृतमां धातुओनी बे जात छे व्यंजनांत धातु अने स्वरांत धातु

१ व्यंजनांत धातुना छेल्ला व्यंजनमां 'अ'कार उमेराया पछी ज तेनां रूपाख्यानो थाय छे अने ए उमेरातो 'अ'कार विकरणरूप केवाय छे

मण् + अ—भण—भणइ (भणति)

कह् + अ—कह—कहइ (कथयति)

सम् + अ—समइ (शाम्यति)

हस् + अ—हस—हसइ (हसति)

आव् + अ—आव—आवइ (आप्नोति)

सिंच् + अ—सिंच—सिंचइ (सिञ्चति)

रुन्ध् + अ—रुन्ध—रुन्धइ (रुणद्धि)

मुस् + अ—मुस—मुसइ (मुष्णाति)

तण् + अ—तण—तणइ (तनोति)

२ अकारांत सिवाय बाकीना स्वरांत धातुओने पण विकरण 'अ' विकल्पे लागे छे:

पा + अ—पाअ—पाअइ, पाइ (पाति)

जा + अ—जाअ—जाअइ, जाइ (याति)

धा + अ—धाअ—धाअइ, धाइ (धयति, धावति, दधाति)

झा + अ—झाअ—झाअइ, झाइ (ध्यायति)

जम्भा + अ—जम्भाअ—जम्भाइ (जृम्भते)

वाअ + अ—वाअ—वाअइ, वाइ (वाति)

मिला + अ—मिलाअ—मिलाअइ, मिलाइ—(म्लायति)

विक्की+विक्के + विक्केअ—विक्केअइ, विक्केइ (विक्रीणाति)

हो + अ—होअ—होअइ, होइ (भवति)

हो + अ—होअ—होइऊण, होऊण (भूत्वा)

३ उवर्णांत धातुना अंत्य उवर्णनो 'अव्' थाय छे:

ण्हु—ण्हव्+अ—ण्हव—ण्हवइ (ह्नुते)

निण्हवइ (निह्नुते)

हु–हव्– हव–हवइ (जुहोति)

निहवइ (निजुहोति)

च्यु–चव्–चव–चवइ (च्यवते)

रु–रव्–रव–रवइ (रौति)

कु–कव्–कव–कवइ (कौति)

सू–सव्–सव–सवइ (सुते)

पसवइ (प्रसूते)

४ ऋकारांत धातुना अंत्य ऋवर्णनो 'अर्' थाय छे

कृ–कर्–कर–करइ (करोति)

धृ–धर्–धर–धरइ (धरति)

मृ–मर्–मर–मरइ (म्रियते)

वृ–वर्–वर–वरइ (वृणोति, वृणुते)

सृ–सर्–सर–सरइ (सरति)

हृ–हर्–हर–हरइ (हरति)

तॄ–तर्–तर–तरइ (तरति)

जॄ–जर्–जर–जरइ (जीर्यति)

५ उपान्त्यमां ऋवर्णवाळा धातुना ऋवर्णनो 'अरि' थाय छे

कृष्–करिस्–करिस–करिसइ (कर्षति)

मृष्–मरिस्–मरिसइ (मृष्यते)

वृष्–वरिस्–वरिसइ (वर्षति)

हृष्–हरिस्–हरिसइ (हृष्यति)

६ धातुना 'इवर्ण' अने 'उवर्ण'नो अनुक्रमे 'ए' अने 'ओ' थाय छे;

नी–नेइ (नयति)

नेंति (नयन्ति)

उड्डी—उड्डेइ (उड्डयते)

उड्डेंति (उड्डयन्ते)

जि—जेऊण (जित्वा)

नी—नेऊण (नीत्वा)

७ केटलाक धातुना उपान्त्य स्वरनो दीर्घ थाय छे:

रुष्—रूस्—रूस—रूसइ (रुष्यति)

तुष्—तूस्—तूस—तूसइ (तुष्यति)

शुष्—सूस्—सूस—सूसइ (शुष्यति)

दुष्—दूस्—दूस—दूसइ (दुष्यति)

पुष्—पूस्—पूस—पूसइ (पुष्यति)

सीसइ (शिष्यते) इत्यादि ।

८ धातुना नियत स्वरने स्थाने प्रयोगानुसारे बीजो स्वर पण थाय छे:

वि०—हवइ—हिवइ (भवति)

चिणइ—चुणइ (चिनोति)

सद्दहणं—सद्दहाणं (श्रद्धानम्)

धावइ—धुवइ (धावति)

रुवइ—रोवइ (रोदीति) इत्यादि ।

नि०—दा—दे—देइ (ददाति, दाति, द्यति)

ला—ले—लेइ (लाति)

विहा—विहे—विहेइ (विदधाति, विभाति)

ब्रू—बे—बेमि (ब्रवीमि) इत्यादि ।

९ केटलाक धातुओनो अंत्य व्यंजन प्रयोगानुसारे बेवडो थाय छे:

वि०—फुडइ, फुट्टइ (स्फुटति)

चलइ, चल्लइ (चलति)

पमीलइ पमिल्लइ (प्रमीलति)
निमीलइ, निमिल्लइ (निमीलति)
संमीलइ, संमिल्लइ, (संमीलति)
उम्मीलइ, उम्मिल्लइ (उन्मीलति) इत्यादि।

मि०—तिम्मइ (तेमति) परिअट्टइ (पर्यटति)
सक्कइ (शक्नोति) पलोट्टइ (प्रलोटति)
लग्गइ (लगति) तुट्टइ (त्रुटति)
मग्गइ (मृगयते)। नट्टइ (नटति)
नस्सइ (नश्यति) सिम्मइ (सीव्यति)
कुप्पइ (कुप्यति) इत्यादि।

१० केटलाक धातुओना (प्राय संस्कृतमां विकरण उमेरावा पछी '-य' छेडावाळा धातुओना) अंत्य व्यंजननो प्रयोगानुसार 'ज्ज' थाय छे

सपज्जइ (संपद्यते) सिज्जइ (स्विद्यति)
सिज्जइ (सिद्यते) सिज्जिरी (स्वेत्री, स्वेदयित्री)
इत्यादि।

११ उपरना नियमोथी तैयार थएला धातुना अंगने वर्तमानकाळमां नीचे जणावेला कर्तृबोधक [2]प्रत्ययो लागे छे—

---

१ जुओ पृ० १४—य, म्य, र्य—ज्ज (नि २७)

२ पालिमां 'वत्तमाना' ना प्रत्ययो आ प्रमाणे छे

	परस्मैपद		आत्मनेपद	
	एकव	बहुव	एकव०	बहुव
१	मि	म	ए	म्हे
२	सि	थ	से	व्हे
३	ति	अन्ति	ते	न्ते (रे

—जुओ पालिप्र० पृ १०१ नि० ११.

	एकव०	बहुव०
१ पुरुष	मि,[1]	मो, मु, म.
२ पुरुष	सि, से,[2]	इत्था,[3] ह.
३ पुरुष	इ, ए	न्ति, न्ते, इरे[4].

सर्वपुरुष–सर्ववचन–ज्ज, ज्जा.

१ 'मि' प्रत्यय पर रहेता धातुना अकारात अंगना अंत्य 'अ' नो विकल्पे 'आ' थाय छे.

२ 'मो', 'मु' अने 'म' प्रत्यय पर रहेता धातुना अकारात अंगना अंत्य 'अ' नो विकल्पे 'आ' अने 'इ' थाय छे.

३ उपर जणावेला बधा प्रत्ययो पर रहेता धातुना अकारात अगना अंत्य 'अ' नो विकल्पे 'ए' थाय छे.

[नामना रूपोमा पालिमा अने प्राकृतमा सविशेष समानता छे तेथी नामना प्रकरणमा स्थळे स्थळे समानता बताववा पालिना रूपो सविस्तर मूकेला छे पण धातुना रूपोमा तेम नथी, तेथी आ प्रकरणमा ज्या ज्या जेटली समानता छे तेटलो उल्लेख करवामा आवशे पण धातुना पालिरूपोनी वीगतथी नोंध नहि करवामा आवे]

१ केटलेक ठेकाणे 'मि' प्रत्ययने बदले 'म्' प्रत्यय पण वपराएलो छेः–मरं, मरामि (म्रिये) । सक्कं, सक्कामि (शक्नोमि) ।

२ 'से' अने 'ए' तथा शौरसेनीनो 'दे' अने पैशाचीनो 'ते' प्रत्यय, धातुना अकारात अगने ज लगाडवाना छे अर्थात् अकारात सिवायना धातुना अंगने ए बन्ने प्रत्ययो लागता नथीः–

पा + सि–पासि । पा + इ–पाइ (पासे, अने पाए, रूप थाय नहि).

३ कोई ठेकाणे आ 'इत्था' प्रत्यय त्रीजा पुरुषना एकवचनमा पण वपराएलो छे –रोइत्था, रोयइ, रोयए–(रोचते)

४ आ 'इरे' प्रत्यय क्वचित् क्वचित् त्रीजा पुरुषना एकवचनमा पण वपराएलो छे. जेमके–सूसइ, सूसइरे–(शुष्यति).

४ 'ज्ज' अने 'ज्जा' प्रत्यय पर रहेतां तो धातुना अकारांत अगना अन्त्य 'अ' नो 'ए' थाय छे

शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशभाषामां वर्तमानकाळने लगती विशेषतावाळी प्रक्रिया आ प्रमाणे छे—

शौरसेनी—मागधी

१ पु	मि	मो, मु, म ।
२ पु०	'सि, से'	इत्था, ध, ह ।
३ पु०	दि, दे	न्ति, न्ते, इरे ।

पैशाची

१ पु०	शौरसेनी प्रमाणे
२ पु०	,,
३ पु० ति, ते	शौरसेनी प्रमाणे

अपभ्रंश

१ पु०	उँ, मि	हु, मो, मु, म ।
२ पु०	हि, सि, से	हु, ह, ध, इत्था ।
३ पु	दि, दे, इ, एं	हिं, न्ति, न्ते, इरे ।

प्राकृतमां वर्तमानकाळना प्रत्ययो लागतां धातुना अगमा जे जे फेरफार थवानुं जणावायुं छे ते बधुं शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशना वर्तमानकाळना प्रत्ययो लागतां पण समजी लेवानुं छे

धातुने लागता कोई पण प्रत्ययो लगाडया पहेलां पण प्राकृतमां धातुने लगती ज ज प्रक्रिया (विकरण वगेरेनी प्रक्रिया)

१ जुओ पृ २० व ३.

२ जुओ पृ २४९, २ टिप्पण

जणावी छे ते बधी शौरसेनी, पैशाची, मागधी अने अपभ्रंशमा समजी लेवानी छे.

व्यंजनांत धातुनां रूपाख्यानो

हस्

एकवचन

	प्राकृतरू०–	शौरसेनीरू०– [1]मागधीरू०–	पैशाचीरू०–	अपभ्रंशरू०–
१ पुरुष–	हसमि, हसामि, हसेमि, हसेज्ज, हसेज्जा।	प्राकृत प्रमाणे	प्राकृत प्रमाणे	हसउ, हसेउं, हसमि, हसामि, हसेमि, हसेज्ज, हसेज्जा।
२ पुरुष–	हससि, हसेसि, हससे, हसेसे, हसेज्ज, हसेज्जा।	प्राकृत प्रमाणे	प्राकृत प्रमाणे	हसहि, हसेहि, हससि, हसेसि, हससे, हसेसे, हसेज्ज, हसेज्जा।
३ पुरुष–	हसइ, हसेइ,	हसदि, हसेदि,	हसति, हसेति,	हसदि, हसेदि,

---

१ जूओ स–ज पृ० २७ नि० (१)–हशामि वगेरे.

हसए,	हसदे,	हसते,	हसदे,
हसेए,	हसेदे,	हसेते,	हसेदे,
हसेज्ज,	हसेज्ज,	हसेज्ज,	हसइ,
हसेज्जा।	हसेज्जा।	हसेज्जा।	हसेइ,
			हसए,
			हसेए,
			हसेज्ज,
			हसेज्ज।

बहुवचन

प्राकृतरू०—	शौरसेनीरू०— मागधीरू०—	पैशाचीरू०—	अपभ्रंशरू०—
१ पुरुष—हसमो,	प्राकृत	प्राकृत	हसहु,
हसामो,	रूपो	प्रमाणे	हसेहु,
हसिमो,	प्रमाणे		हसमो,
हसेमो,			हसामो,
हसमु			हसिमो,
हसामु			हसेमो;
हसिमु,			हसमु,
हसेमु,			हसामु,
हसम			हसिमु,
हसाम,			हसेमु
हसिम,			हसम,
हसेम,			हसाम,

हसेज्ज,
हसेज्जा ।

हसिम,
हसेम;
हसेज्ज,
हसेज्जा ।

२ पुरुष—हसइत्था,
[1]हसित्था,
हसेइत्था,
हसह,
हसेह,
हसेज्ज,
हसेज्जा ।

हसइत्था,
हसित्था,
हसेत्था,
हसध,
हसेध,
हसह,
हसेह,
हसेज्ज,
हसेज्जा ।

शौरसेनी
प्रमाणे

हसइत्था,
हसित्था,
हसेत्था,
हसध,
हसेध,
हसह,
हसेह,
हसहु,
हसेहु,
हसेज्ज,
हसेज्जा ।

३ पुरुष—हसन्ति,
हसेंति,
[3]हसिंति,
हसंते,

[2]प्राकृत
रूपो
प्रमाणे

शौरसेनी
रूपो
प्रमाणे

हसहिं,
हसेहिं,
हसंति,
हसेंति,

१ जूओ पृ० ९६ स्वरलोप नि० ६—हस + इत्था=हसित्था ।

२ प्राकृतना हसति, हसते वगेरे रूपो उपरथी शौरसेनीमा हसंदि, वगेरे रूपो पण प्राये यथासंभव थइ शके छे—जूओ पृ० ३५ नि० (१) न्त=न्द ।

३ जूओ पृ० ४ नि० १—हसेंति + हसिंति ।

हसेंते,	हसिंति
हसिंते,	हसंते,
हसइरे,	हसेंते
हसिरे,	हसिंते,
हसेइरे	हसइरे
हसेज्ज,	हसिरे,
हसेज्जा ।	हसेइरे,
	हसेज्ज,
	हसेज्जा ।

आ रीते आगळ जणावेल बधां व्यंजनांत (धातुनां) अंगोनां वर्तमानकाळनां रूपो समजवानां छे

स्वरांत धातुनां रूपाख्यानो

हो (भू)

स्वरांत धातुओनी प्रक्रिया व्यंजनांत धातुनी ('हस्' नी) सरखी छे मात्र फेर आ छे

स्वरांत धातु अने पुरुषबोधक प्रत्यय—ए बेनी—वचे पण 'ज्ज' 'ज्जा' विकल्पे उमेराय छे

एकवचन

प्राकृतरू०— शौरसेनीरू०— पैशाचीरू०— अपभ्रंशरू०— मागधीरू०—

१ पुरुष—[1]होअमि,	प्राकृत	प्राकृत	होअउ
होआमि,	रूपो	रूपो	होएउ
होएमि,	प्रमाणे	प्रमाणे	होअमि

१ पेलेथी नव रूपो विकरणवाळां छे अने बाकी बधां विकरण विनानां छे विकरण माटे जुओ पृ २४९ नि २

(ज्ज) होएज्जमि,	होआमि
होएज्जामि,	होएमि
होएज्जेमि,	होएज्जउं, होएज्जमि
होएज्ज,	होएज्जामि
(ज्जा) होएज्जामि,	होएज्जेउं, होएज्जेमि
होएज्जा,	होएज्ज
होमि,	होएज्जाउं, होएज्जामि
(ज्ज) होज्जमि, (हुज्जमि)	होएज्जा
होज्जामि,	होउं
होज्जेमि,	होमि
होज्ज (हुज्ज)	होज्जउं, होज्जमि
(ज्जा) होज्जामि	होज्जामि
होज्जा (हुज्जा)	होज्जेउं, होज्जेमि
	होज्ज
	होज्जाउं, होज्जामि
	होज्जा।

एकवचन

प्राकृतरू०—	शौरसेनीरू०— मागधीरू०—	पैशाचीरू०—	अपभ्रंशरू०—
२ पुरुष–होअसि	प्राकृत	प्राकृत	होअहि,
होएसि	रूपो	रूपो	होएहि,
होअसे	प्रमाणे	प्रमाणे	होआसि
होएसे			होएसि
होएज्जासि			होअसे
होएज्जेसि			होएसे

होएज्जसे
होएज्जेसे
होएज्जासि
होसि
होज्जासि
होज्जेसि
होज्जसे
होज्जेसे
होज्जासि
होज्ज
होज्जा

होएज्जहि
होएज्जेहि
होएज्जसि
होएज्जेसि
होएज्जसे
होएज्जेसे
होएज्जाहि
होएज्जासि
होहि,
होसि
होज्जहि, होज्जासि
होज्जेहि, होज्जेसि
होज्जसे
होज्जेसे
होज्जाहि, होज्जासि
होज्ज
होज्जा ।

१ पुरुष—होअइ	होअदि	होअति	होअइ, होअदि
होएइ	होएदि	होएति	होएइ, होएदि
होअए	होअदे	होअते	होअए, होअदे
होएए	होएदे	होएते	होएए, होएदे
होएज्जइ	होएज्जदि	होएज्जति	होएज्जइ, होएज्जदि
होएज्जेइ	होएज्जेदि	होएज्जेति	होएज्जेइ, होएज्जेदि
होएज्जए	होएज्जदे	होएज्जते	होएज्जए, होएज्जदे
होएज्जेए	होएज्जेदे	होएज्जेते	होएज्जेए, होएज्जेदे

होएज्जाइ	होएज्जादि	होएज्जाति	होएज्जाइ,	होएज्जादि
होइ	होदि	होति	होइ,	होदि
होज्जइ	होज्जदि	होज्जति	होज्जइ,	होज्जदि
होज्जेइ	होज्जेदि	होज्जेति	होज्जेइ,	होज्जेदि
होज्जए	होज्जदे	होज्जते	होज्जए,	होज्जदे
होज्जेए	होज्जेदे	होज्जेते	होज्जेए,	होज्जेदे
होज्जाइ	होज्जादि	होज्जाति	होज्जाइ,	होज्जादि
होज्ज	होज्ज	होज्ज		होज्ज
होज्जा	होज्जा	होज्जा		होज्जा

बहुवचन

प्राकृतरू०—	शौरसेनीरू०— मागधीरू०—	पैशाचीरू०—	अपभ्रंशरू०—
१ पुरुष—होअमु	प्राकृत	प्राकृत	होअहुं
होआमु	रूपो	रूपो	होएहु
होइमु, होएमु	प्रमाणे	प्रमाणे	होअमु
होअमो			होआमु
होआमो			होइमु
होइमो, होएमो			होएमु
होअम			होअमो
होआम			होआमो
होइम, होएम			होइमो
होएज्जमु			होएमो
होएज्जामु			होअम
होएज्जिमु			होआम

होएज्जेमु
होएज्जमो
होएज्जामो
होएज्जिमो
होएज्जेमो
होएज्जम
होएज्जाम
होएज्जिम
होएज्जेम
होमु
होमो
होम
होज्जमु
होज्जामु
होज्जिमु
होज्जेमु
होज्जमो
होज्जामो
होज्जिमो
होज्जेमो
होज्जम
होज्जाम
होज्जिम
होज्जेम
होज्ज

होइम
होएम
होएज्जइं
होएज्जेइं
होएज्जमु
होएज्जामु
होएज्जिमु
होएज्जेमु
होएज्जमो
होएज्जामो
होएज्जिमो
होएज्जेमो
होएज्जम
होएज्जाम
होएज्जिम
होएज्जेम
होइं
होमु
होमो
होम
होज्जइं
होज्जेइं
होज्जमु
होज्जामु
1 होज्जिमु

होज्जा	होज्जेमु
	होज्जमो
	होज्जामो
	होज्जिमो
	होज्जेमो
	होज्जम
	होज्जाम
	होज्जिम
	होज्जेम
	होज्जाहुं
	होज्ज
	होज्जा ।

बहुवचन

	प्राकृतरू०–	शौरसेनीरू०– मागधीरू०–	पैशाचीरू०–	अपभ्रंशरू०–
२ पुरुष–	होअह	होअह, होअध	शौरसेनी	होअहु
	होएह	होएह, होएध	प्रमाणे	होएहु
	होएज्जह	होएज्जह, होएज्जध		होएज्जहु, होएज्जेहु
	होएज्जेह	होएज्जेह, होएज्जेध		होएज्जाहु
	होएज्जाह	होएज्जाह, होएज्जाध		होज्जहु, होज्जेहु
	होज्जह	होज्जह, होज्जध		होज्जाहु
	होज्जेह	होज्जेह, होज्जेध		होहु
	होज्जाह	होज्जाह, होज्जाध		होअह, होअध
	होह	होह, होध		होएह, होएध
	होअइत्था	होअइत्था		होएज्जह, होएज्जध

होएइत्था	होएइत्था	होएज्जेइ, होएज्जेए
होएज्जइत्था	होएज्जइत्था	होएज्जाइ, होएज्जाए
होएज्जेइत्था	होएज्जेइत्था	होज्जइ, होज्जए
होएज्जाइत्था	होएज्जाइत्था	होज्जेइ, होज्जेए
होज्जइत्था	होज्जेइत्था	होज्जाइ, होज्जाए
होज्जेइत्था	होज्जइत्था	होइ, होए
होज्जाइत्था	होज्जाइत्था	होअइत्था
होइत्था (होत्था[1])	होइत्था	होएइत्था
होएज्ज	होज्ज, होज्जा	होएज्जइत्था
होज्जा		होएज्जेइत्था
		होएज्जाइत्था
		होज्जेइत्था
		होज्जइत्था
		होज्जाइत्था
		होइत्था
१ पुरुष—होअंति	[2]प्राकृत शौरसेनी	होअहिं
होएंति	रूपो प्रमाणे	होएहिं
होअंते	प्रमाणे	होएज्जहिं
होएंते		होएज्जेहिं
होअइरे		होएज्जाहिं
होएइरे		होज्जहिं
होएज्जंति		होज्जेहिं

---

१ आ प्रयोग आर्षप्रयोगोमां 'अभूत्' अर्थमां वपराएलो छे—जूओ भूतकाळनुं प्रकरण पृ २६४

२ जूओ पृ २९१ १ टिप्पण

होएज्जेंति
होएज्जंते
होएज्जेंते
होएज्जइरे
होएज्जेइरे
होएज्जांति
होएज्जाते
होएज्जाइरे
होंति (हुति)
होंते (हुते)
होइरे
होज्जंति, होज्जेंति
होज्जंते, होज्जेंते
होज्जइरे, होज्जेइरे
होज्जांति
होज्जाते
होज्जाइरे
होज्ज
होज्जा ।

होज्जाहिं
होहिं
होअंति, होएंति
होअंते, होएंते
होअइरे, होएइरे
होएज्जंति, होएज्जेंति
होएज्जते, होएज्जेंते
होएज्जइरे, होएज्जेइरे
होएज्जाति
होएज्जाते
होएज्जाइरे
होंति (हुति)
होंते (हुंते)
होइरे
होज्जति, होज्जेंति
होज्जते, होज्जेंते
होज्जइरे, होज्जेइरे
होज्जाति
होज्जाते
होज्जाइरे
होज्ज
होज्जा

ए रीते दरेक स्वरांत धातुनी (दा, पा, नी, जा, बू वगेरेनी) वर्तमानकाळनी बधी प्रक्रिया ' हो ' नी पेठे समजवानी छे.

भूतकाळ

(स्वरांत अने व्यंजनांत धातुने लागता प्रत्ययो)

१ संस्कृतमां भूतकाळना त्रण प्रकार छे, जेमके—ह्यस्तनभूत, अद्यतनभूत अने परोक्षभूत ए त्रणे काळना प्रत्ययो अने प्रक्रिया पण संस्कृतमां तद्दन जूदां जूदां छे परंतु प्राकृत, शौरसेनी, मागधी, पैशाची के अपभ्रंश भाषामां तेम नथी तेमां तो ते त्रणे काळ माटे एक सरखा ज प्रत्ययो छे एटलुं ज नहि पण ते त्रणे काळना त्रणे पुरुषोना अने त्रणे वचनोना पण एक सरखा ज प्रत्ययो छे अर्थात् भूतकाळनी प्रक्रिया के रूपमां प्राकृत, शौरसेनी वगेरे भाषामां क्यांय कशो भेद जणातो नथी

प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशमां भूतकाळना ए प्रत्ययो आ प्रमाणे छे –

१ पु०
२ पु० } ईअ[1] (व्यंजनांत धातुने लागतो प्रत्यय)
३ पु०
,, } सी[2], ही, हीअ (स्वरांत धातुने लागता प्रत्ययो)

---

१ कोईनो मत एवो छे के, वर्तमानकाळनी पेठे भूतकाळमां पण 'अ अने 'आ प्रत्यय वपराय छे'—होअ, होआ–(अभूत)

२ पालिमां बीजा पुरुषना एकवचनमां 'ई' अने ' इ' एम बे परस्मैपदी प्रत्ययो छे अने ए प्राकृतना ईअ प्रत्यय साथे मळता आवे छे पालिप्र पृ २१७ नि १७६

३ पालिमां बीजा पुरुषना अने त्रीजा पुरुषना एकवचनमां पर स्मैपदी सि प्रत्यय वपराएलो छे अने ए, प्राकृतना 'सी प्रत्यय साथे मळतो आवे छे जेम प्राकृतमां त्रणे पुरुषमां एक सरखो 'सी' प्रत्यय स्वरांत धातुने लगाडवामां आवे छे तेम पालिमां त्रणे पुरुषमां एक सरखो सि प्रत्यय स्वरांत धातुने लगाडवामां आवे छे मात्र पालिनो ए सिं प्रत्यय प्रथम पुरुषना एकवचनमां अनुस्वारवाळो (सिं) वपराय छे एटलो ज भेद छे। पालिप्र २१८ नि १७९

व्यजनात धातु—हस् + ईअ—हसीअ ।
कर + ईअ—करीअ ।
भण् + ईअ—भणीअ ।

ए रीते व्यंजनात धातुना भूतकाळना रूपो साधवाना छे.

स्वरात धातु—हो + सी—होसी होअसी	हो + ही—होही होअही	हो+हीअ—होहीअ होअहीअ
पा + सी—पासी पाअसी	पा + ही—पाही पाअही	पा + हीअ—पाहीअ पाअहीअ
ठा + सी—ठासी ठाअसी	ठा + ही—ठाही ठाअही	ठा + हीअ—ठाहीअ ठाअहीअ
ने + सी—नेसी नेअसी	ने + ही—नेही नेअही	ने + हीअ—नेहीअ नेअहीअ

लासी, लाही, लाहीअ, लाअसी, लाअही, लाअहीअ ।

उड्डे + सी—उड्डेसी, उड्डेअसी, उड्डेही, उड्डेअही, उड्डेहीअ, उड्डेअहीअ ।

ए रीते स्वरात धातुना भूतकाळना रूपो साधवाना छे.

[उपर जणावेला भूतकाळना प्रत्ययो करता केटलाक जूदा प्रत्ययो पण आर्षग्रथोमा वपराएला छे, आर्षरूपोमा विशेषे करीने

पालिरूपो

एकव०

१ अहोसि

२ अहोसि

३ अहोसिं

—जूओ पालिप्र० पृ० २१८ नि० १८०—पृ० २१९ नि० १८१

भूतकाळ

(स्वरांत अने व्यंजनांत धातुने लागता प्रत्ययो)

१ संस्कृतमां भूतकाळना त्रण प्रकार छे, जेमके—ह्यस्तनभूत, अद्यतनभूत अने परोक्षभूत ए त्रणे काळना प्रत्ययो अने प्रक्रिया पण संस्कृतमां तद्दन जूदां जूदां छे परंतु प्राकृत, शौरसेनी, मागधी, पैशाची के अपभ्रंश भाषामां तेम नथी तेमां तो ते त्रणे काळ माटे एक सरखा ज प्रत्ययो छे एटलुं ज नहि पण ते त्रणे काळना त्रणे पुरुषोना अने त्रणे वचनोना पण एक सरखा ज प्रत्ययो छे अर्थात् भूतकाळनी प्रक्रिया जे रूपमां प्राकृत, शौरसेनी वगेरे भाषामां क्यांय कशो भेद जणातो नथी

प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशमां भूतकाळना ए प्रत्ययो आ प्रमाणे छे –

१ पु० }
२ पु० } ईअ[1] (व्यंजनांत धातुने लागतो प्रत्यय)
३ पु० }
,, } सी, ही, हीअ (स्वरांत धातुने लागता प्रत्ययो)

---

१ कोईनो मत एवो छे के, वर्तमानकाळनी पेठे भूतकाळमां पण 'अ' अने 'अ' प्रत्यय वपराय छेः—होअ, होआ—(अभूत्)

२ पालिमां बीजा पुरुषना एकवचनमां 'ई' अने 'इ' एम बे परस्मैपदी प्रत्ययो छे अने ए, प्राकृतना 'ईअ' प्रत्यय साथे मळता आवे छेः पालिप्र पृ २१७ नि १७६

३ पालिमां बीजा पुरुषना अने त्रीजा पुरुषना एकवचनमां परस्मैपदी 'सि' प्रत्यय वपराएलो छे अने ए प्राकृतना 'सी' प्रत्यय साथे मळतो आवे छे जेम प्राकृतमां त्रणे पुरुषमां एक सरखो 'सी' प्रत्यय स्वरांत धातुने लगाडवामां आवे छे तेम पालिमां पण पुरुषमां एक सरखो 'सि' प्रत्यय स्वरांत धातुने लगाडवामां आवे छे मात्र पालिनो 'सि' प्रत्यय प्रथम पुरुषना एकवचनमां अनुस्वारवाळो (सिं) वपराय छे एटलो ज भेद छेः पालिप्र २१८ नि १७९

व्यंजनांत धातु—हस + ईअ—हसीअ ।
कर + ईअ—करीअ ।
भण् + ईअ—भणीअ ।

ए रीते व्यंजनांत धातुना भूतकाळना रूपो साधवाना छे.

स्वरात धातु—हो + सी—होसी, होअसी	हो + ही—होही, होअही	हो+हीअ—होहीअ, होअहीअ
पा + सी—पासी, पाअसी	पा + ही—पाही, पाअही	पा + हीअ—पाहीअ, पाअहीअ
ठा + सी—ठासी, ठाअसी	ठा + ही—ठाही, ठाअही	ठा + हीअ—ठाहीअ, ठाअहीअ
ने + सी—नेसी, नेअसी	ने + ही—नेही, नेअही	ने + हीअ—नेहीअ, नेअहीअ

लासी, लाही, लाहीअ, लाअसी, लाअही, लाअहीअ ।

उड्डे + सी—उड्डेसी, उड्डेअसी, उड्डेही, उड्डेअही, उड्डेहीअ, उड्डेअहीअ ।

ए रीते स्वरात धातुना भूतकाळना रूपो साधवाना छे.

[उपर जणावेला भूतकाळना प्रत्ययो करता केटलाक जूदा प्रत्ययो पण आर्षग्रंथोमा वपराएला छे, आर्षरूपोमा विशेषे करीने

पालिरूपो

एकव०

१ अहोसि

२ अहोसि

३ अहोसिं

—जूओ पालिप्र० पृ० २१८ नि० १८०—पृ० २१९ नि० १८१

भूतकाळ

(स्वरांत अने व्यंजनांत धातुने लागता प्रत्ययो)

१ संस्कृतमां भूतकाळना त्रण प्रकार छे, जेमके—ह्यस्तनभूत, अद्यतनभूत अने परोक्षभूत ए त्रणे काळना प्रत्ययो अने प्रक्रिया पण संस्कृतमां जुदा जुदा छे परंतु प्राकृत, शौरसेनी, मागधी, पैशाची के अपभ्रंश भाषामां तेम नथी तेमां तो ते त्रणे काळ माटे एक सरखा ज प्रत्ययो छे एटलुं ज नहि पण ते त्रणे काळना त्रणे पुरुषोना अने त्रणे वचनोना पण एक सरखा ज प्रत्ययो छे अर्थात् भूतकाळनी प्रक्रिया के रूपमां प्राकृत, शौरसेनी वगेरे भाषामां क्यांय कशो भेद जणातो नथी

प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशमां भूतकाळना ए प्रत्ययो आ प्रमाणे छे —

१ पु०
२ पु० } ईअ[1] (व्यंजनांत धातुने लागतो प्रत्यय)
३ पु०

,, } [2]सी, ही, हीअ (स्वरांत धातुने लागता प्रत्ययो)

---

१ कोईनो मत एवो छे के, वर्तमानकाळनी पेठे भूतकाळमां पण 'अ' अने 'आ' प्रत्यय वपराय छे:—होअ होआ—(अभूत्)

२ पालिमां बीजा पुरुषना एकवचनमां 'ई' अने 'इ' एम बे परस्मैपदी प्रत्ययो छे अने ए, प्राकृतना 'ईअ' प्रत्यय साथे मळता आवे छे: पालिप्र पृ २१७ नि १७६

३ पालिमां बीजा पुरुषना अने त्रीजा पुरुषना एकवचनमां परस्मैपदी 'सि' प्रत्यय वपराएलो छे अने ए, प्राकृतना 'सी' प्रत्यय साथे मळतो आवे छे जेम प्राकृतमां त्रणे पुरुषमां एक सरखो 'सी' प्रत्यय स्वरांत धातुने लगाडवामां आवे छे तेम पालिमां पण पुरुषमां एक सरखो 'सि' प्रत्यय स्वरांत धातुने लगाडवामां आवे छे मात्र पालिनो ए 'सि' प्रत्यय प्रथम पुरुषना एकवचनमां अनुस्वारवाळो (सिं) वपराय छे एटलो ज भेद छे: पालिप्र २१८ नि १७९

री + इत्था–रीइत्था[1] (अरयिष्ट)

विहर् + इत्था–विहरित्था (विहृतवान्)

सेव् + इत्था–सेवित्था (सेवितवान्)

पहार् + इत्थ=पह्यारेत्थ (प्रधारितवान्)

गम्–गच्छ + इंसु–गच्छिंसु (अगच्छन्, अगमन्, जग्मुः)

प्रच्छ–पुच्छ + इंसु–पुच्छिंसु (पृष्टवन्तः)

कृ–कर + इंसु–करिंसु (अकुर्वन्, अकार्षुः, चक्रुः)

नृत्य्–नच्च + इंसु–नच्चिंसु (नृत्तवन्त.)

ब्रू–आह + अंसु–आहंसु (आहुः)

संस्कृतमा भूतकाळना जे रूपाख्यानो तैयार थाय छे, ते उपरथी सीधी रीते पण वर्णविकारना नियमो द्वारा प्राकृतरूपाख्यानो बनावी शकाय छे. जेमके:—

सं०– अब्रवीत्–	अब्बवी	(प्रा०)
अकार्षीत्–	अकासी	(,,)
अभूत्–	अहू	(,,)
अवोचत्–	अवोच	(,,)
अद्राक्षुः–	अदक्खू	(,,)
अकार्षम्–	अकरिस्सं	(,,) इत्यादि.

प्राचीन प्राकृतमा–आर्षग्रंथोमा–आवां रूपाख्यानो घणा वपराएलां छे.

---

१ श्रीहेमचंद्रे पोताना प्राकृत–व्याकरणमा आ आर्षरूपो माटे कोई जातनो उल्लेख कर्यो जणातो नथी.

त्या, इत्थ, इत्या, इंसु अने अंसु; ए चार प्रत्ययो वपराएला छे तेमां 'त्या' अने 'इत्या,' बन्ने ठेकाणे एकवचनमां वपराया छे अने 'इंसु' तथा 'अंसु' बन्ने ठेकाणे बहुवचनमां वपराया छे ए जातनां केटलांयक आर्षरूपो जोवाथी एवु अनुमान बांधी शकाय छे के, त्रीजा पुरुषना एकवचनमां 'त्या' अने 'इत्या' वपराया छ अने बहुवचनमां 'इंसु' अने 'अंसु' वपराया छे जेमकेः—

[1]हो + त्था–होत्था (अभवत्, अभूत्, बभूव)

भुज + इत्था–भुंजित्था (भुक्तवान्)

---

१ आ 'होत्थ' 'पहारित्थ' 'विहरित्था' वगेरे एकवचनी रूपोनी अने 'करिंसु' 'पुच्छिंसु' 'आइंसु' वगेरे बहुवचनी रूपोनी साधना पालिव्याकरण द्वारा थेयी शकाय छे पालिभाषामां त्रीजा पुरुषना एकवचनमां आत्मनेपदी 'इत्थ' अने बहुवचनमां परस्मैपदी 'इंसु, 'इंसुं,' अने अंसु प्रत्ययो वपराएला छे उपर्युक्त आर्षरूपोमां वपराएलो 'इत्थ' पालिना ए 'इत्थ'नुं रूपांतर जणाय छे, 'पहारित्थ' रूपमां तो पालिनो जेवोने तेवो 'इत्थ' प्रत्यय ज वपराएलो छे अने पालिना इंसु अने अंसु ए बे प्रत्ययो एमने एम ए आर्ष रूपोमां वपराया छे जेम संस्कृतमां ह्यस्तनी, अद्यतनी अने क्रियातिपत्तिनां रूपाख्यानोमां धातुनी पूर्वे 'अ' उमेराय छे तेम पालिमां छे पण प्राकृतमां नथी

पालिरूपो भू

एकव १ अभवित्थ ('इत्थ' प्रत्ययवाळुं)

बहुव १ अगमिंसु, अगमंसु ('इंसु अने अंसु प्रत्ययवाळां)

—जुओ पालिप्र पृ २१० नि १७६–१७७ तथा पृ २१० 'गम'नां रूपो अने टिप्पण

२ पु०	हिसि, हिसे[1]	हित्था, हिह
३ पु०	हिइ, हिए	हिंति, हिंते, हिइरे

सर्वपुरुष } ज्ज, ज्जा
सर्ववचन }

शौरसेनी अने मागधीना भविष्यत्काळना प्रत्ययोः

शौरसेनीना वर्तमानकाळना प्रत्ययोनी आदिमा 'स्सि' उमेरवाथी ते बधा प्रत्ययो भविष्यत्काळना थाय छे. ए उपरात पहेला पुरुषना एकवचनमा एक 'स्सं' प्रत्यय जुदो पण छे. जेमके,

१ पु०	स्सं, स्सिमि[2]	स्सिमो, स्सिमु, स्सिम ।
२ पु०	स्सिसि, स्सिसे	स्सिह, स्सिध, स्सिइत्था ।
३ पु०	स्सिदि, स्सिदे	स्सिंति, स्सिंते, स्सिइरे ।

---

१ प्राकृत, शौरसेनी वगेरेना 'से' 'ए' तथा 'दे' प्रत्ययो माटे जूओ पृ० २४९, २ टिप्पण

२ संस्कृतना भाविष्यत्काळ्ना प्रत्ययो अने पालिना भविष्यत्काळना प्रत्ययो एक सरखा छे, मात्र सस्कृतना 'स्य' ने बदले पालिमा 'स्स' वपराय छे'

परस्मैपद	१	स्सामि	स्साम
	२	स्ससि	स्सथ
	३	स्सति	स्सति
आत्मनेपद	१	स्सं	स्साम्हे
	२	स्ससे	स्सव्हे
	३	स्सते	स्संते

शौरसेनीना उपर जणावेला प्रत्ययो साथे पालिना आ प्रत्ययो मळता आवे छेः—

जूओ पालिप्र० २०४ नि० १३०

भविष्यत्काळ

संस्कृतमां भविष्यत्काळना त्रण प्रकार छे, जेमके—श्वस्तन भविष्य, अद्यतनभविष्य अने परोक्षभविष्य (क्रियातिपत्ति) ए त्रणे भविष्यना पुरुषबोधक प्रत्ययो अने प्रक्रिया पण जूदां जूदां छे परंतु प्राकृत, शौरसेनी, मागधी, पैशाची के अपभ्रंशमां तेम नथी—तेमां तो मात्र परोक्षभविष्यना ज प्रत्ययो अने प्रक्रिया नोखां नोखां छे अने श्वस्तन तथा अद्यतन भविष्यनी प्रक्रिया, प्रत्ययो तो तद्दन सरखां छे

प्राकृतना भविष्यत्काळना प्रत्ययोः

१ पु०	स्स, स्सामि, हामि, हिमि[1]	स्सामो, हामो, हिमो,
		स्सामु, हामु, हिमु,
		स्साम, हाम, हिम,
		हिस्सा, हित्था

---

१ भविष्यत्काळना उपर बतावेल प्रत्ययो धातुमात्रने लागे छे त्यारे पालिमां तो एवा प्रत्ययो मात्र 'भू' धातुने ज लागेल छे—

भू पालिरूपो (भविष्यत्काळ)

१	होहामि,	होहाम,
	होहिस्सामि	होहिस्साम
२	होहिसि,	होहिथ
	होहिस्ससि	होहिस्सथ
३	होहिति,	होहिति
	होहिस्सति	होहिस्सति वगेरे०

जुओ पालिप्र पृ २९ 'होहिसि' वगेरे रूपो.

२ पु०	हिसि, हिसे[1]	हित्था, हिह
३ पु०	हिइ, हिए	हिंति, हिंते, हिइरे

सर्वपुरुष }
सर्ववचन } ज्ज, ज्जा

शौरसेनी अने मागधीना भविष्यत्काळना प्रत्ययोः

शौरसेनीना वर्तमानकाळना प्रत्ययोनी आदिमा 'स्सि' उमेरवाथी ते बधा प्रत्ययो भविष्यत्काळना थाय छे. ए उपरात पहेला पुरुषना एकवचनमा एक 'स्स' प्रत्यय जुदो पण छे. जेमके,

१ पु०	स्सं, स्सिमि[2]	स्सिमो, स्सिमु, स्सिम ।
२ पु०	स्सिसि, स्सिसे	स्सिह, स्सिध, स्सिइत्था ।
३ पु०	स्सिदि, स्सिदे	स्सिंति, स्सिंते, स्सिइरे ।

---

१ प्राकृत, शौरसेनी वगेरेना 'से' 'ए' तथा 'दे' प्रत्ययो माटे जूओ पृ० २४९, २ टिप्पण

२ संस्कृतना भविष्यत्काळना प्रत्ययो अने पालिना भविष्यत्काळना प्रत्ययो एक सरखा छे, मात्र सस्कृतना 'स्य' ने बदले पालिमा 'स्स' वपराय छे·

परस्मैपद	१	स्सामि	स्साम
	२	स्ससि	स्सथ
	३	स्सति	स्सति
आत्मनेपद	१	स्सं	स्साम्हे
	२	स्ससे	स्सव्हे
	३	स्सते	स्संते

शौरसेनीना उपर जणावेला प्रत्ययो साथे पालिना आ प्रत्ययो मळता आवे छेः—

जूओ पालिप्र० २०४ नि० १३०

भविष्यत्काळ

संस्कृतमां भविष्यत्काळना त्रण प्रकार छे, जेमके—श्वस्तनभविष्य, अद्यतनभविष्य अने परोक्षभविष्य (क्रियातिपत्ति) ए त्रणे भविष्यना पुरुषबोधक प्रत्ययो अने प्रक्रिया पण जूदां जूदां छे परंतु प्राकृत, शौरसेनी, मागधी, पैशाची के अपभ्रंशमां तेम नथी—तेमां तो मात्र परोक्षभविष्यना ज प्रत्ययो अने प्रक्रिया नोखां नोखां छे अने श्वस्तन तथा अद्यतन भविष्यनी प्रक्रिया, प्रत्ययो तो तद्दन सरखां छे

प्राकृतना भविष्यत्काळना प्रत्ययो:

१ पु०	स्सं, स्सामि, हामि, हिमि[1]	स्सामो, हामो, हिमो,
		स्सामु, हामु, हिमु,
		स्साम, हाम, हिम,
		हिस्सा, हित्था

---

१ भविष्यत्काळना उपर जणावेला प्रत्ययो धातुमात्रने लागे छे त्यारे पालिमां तो एवा प्रत्ययो मात्र 'भू' धातुने ज लागेला छे—

भू धातुरूपो (भविष्यत्काळ)

१	होहामि,	होहाम
	होहिस्सामि	होहिस्साम
२	होहिसि,	होहिथ
	होहिस्ससि	होहिस्सथ
३	होहिति,	होहिंति,
	होहिस्सति	होहिस्सन्ति वगेरे:

जुओ पालिप्र० पृ० २९ 'होहिति' वगेरे रूपो.

रूपाख्यानो—

भण

एकवचन

	प्राकृतरू०—	शौरसेनीरू०— मागधीरू०—	पैशाचीरू०—	अपभ्रंशरू०—
१ पुरुष—	भणिस्स,	भणिस्सं	शौरसेनी	भणिसउं,
	भणेस्सं,	भणेस्स	प्रमाणे	भणेसउ,
	भणिस्सामि,	भणिस्सिमि		भणिस्सिउं
	भणेस्सामि,	भणेस्सिमि		भणेस्सिउं
	भणिहामि,			भणिसमिं
	भणेहामि,			भणेसमि
	भणिहिमि,			भणिस्सिमि
	भणेहिमि			भणेस्सिमि
सर्व पुरुष अने सर्व वचन	भणेज्ज भणेज्जा			
२ पुरुष—	भणिहिसि	भणिस्सिसि	शौरसेनी	भणिसहि,
	भणेहिसि	भणेस्सिसि	प्रमाणे	भणेसहि,
	भणिहिसे	भणिस्सिसे		भणिस्सिहि
	भणेहिसे	भणेस्सिसे		भणेस्सिहि
				भणिससि
				भणेससि
				भणिस्सिसि
				भणेस्सिसि
				भणिससे
				भणेससे

पैशाचीना भविष्यत्काळना प्रत्ययोः

१ पु० शौरसेनी प्रमाणे
२ पु ,,
३ पु० एज्ज शौरसेनी प्रमाणे.

अपभ्रंशना भविष्यत्काळना प्रत्ययोः

अपभ्रंशना वर्तमानकाळना प्रत्ययोनी आदिमां 'स' अने 'सि' उमेरवाथी ते बधा प्रत्ययो भविष्यत्काळना थाय छे जेमके,

१ पु०	सउं, सिसउं, समि, सिसमि	सहु, सिसहुं, समो, सिसमो, समु, सिसमु, सम, सिसम ।
२ पु०	सहि, सिसहि, ससि, सिससि, ससे, सिससे	सहु, सिसहु, सह, सिसह, सध, सिसध, सइत्था, सिसइत्था ।
३ पु०	सदि, सदे, सइ, सए सिसदि, सिसदे, सिसइ, सिसए	सहिं, सति, सते, सइरे । सिसहिं, सिसते, सिसते, सिसइरे,

---

उपर जणावेला भविष्यत्काळना बधा प्रत्ययो पर रहेतां पूर्वना 'अ' नो 'इ' अने 'ए' थाय छे

भणिहिमो	भणिस्सिम		भणिसमो
भणेहिमो	भणेस्सिम		भणेसमो
भणिस्सामु			भणिस्सिमो
भणेस्सामु			भणेस्सिमो
भणिहामु			भणिस्समु
भणेहामु			भणेसमु
भणिहिमु			भणिस्सिमु
भणेहिमु			भणेस्सिमु
भणिस्साम			भणिसम
भणेस्साम			भणेसम
भाणिहाम			भणिस्सम
भणेहाम			भणेस्सिम
भणिहिम			
भणेहिम			
भणिहिस्सा			
भणेहिस्सा			
भणिहित्था			
भणेहित्था			
२ पुरुष—भणिहित्था	भणिस्सिह	शौरसेनी	भणिसहु
भणेहित्था	भणेस्सिह	प्रमाणे	भणेसहु
भणिहिह	भणिस्सिध		भणिस्सिहु
भणेहिह	भणेस्सिध		भणेस्सिहु
	भणिस्सिइत्था		भणिसह
	भणेस्सिइत्था		भणेसह
			भणिस्सिह

			मणिस्सिसे
			मणेस्सिसे
१ पुरुप—मणिहिइ	मणिस्सिवि	[1]मनेश्य	मणिसदि
मणेहिइ	मणेस्सिवि		मणेसवि
मणिहिए	मणिस्सिदे		मणिसदे
मणेहिए	मणेस्सिदे		मणेसदे
			मणिसइ
			मणेसइ
			मणिसए
			मणेसए
			मणिस्सिदि
			मणेस्सिदि
			भमिस्सिदे
			मणेस्सिदे
			मणिस्सिइ
			मणेस्सिइ
			मणिस्सिए
			मणेस्सिए

बहुवचन

प्राकृतरू०—	शौरसेनीरू — मागधीरू०—	पैशाचीरू०—	अपभ्रंशरू०—
१ पुरुप—मणिस्सामो	मणिस्सिमो	शौरसेनी	मणिसहु
मणेस्सामो	मणेस्सिमो	ममाणे	मणेसहु
मणिहामो	मणिस्सिमु		मणिस्सिहुं
मणेहामो	मणम्सिमु		मणेस्सिहुं

१ ऊमी ? २१ नि (१)

भणिहिमो
भणेहिमो
भणिस्सामु
भणेस्सामु
भणिहामु
भणेहामु
भणिहिमु
भणेहिमु
भणिस्साम
भणेस्साम
भणिहाम
भणेहाम
भणिहिम
भणेहिम
भणिहिस्सा
भणेहिस्सा
भणिहित्था
भणेहित्था

भणिस्सिम
भणेस्सिम

भणिसमो
भणेसमो
भणिस्सिमो
भणेस्सिमो
भणिसमु
भणेसमु
भणिस्सिमु
भणेस्सिमु
भणिसम
भणेसम
भणिस्सम
भणेस्सिम

२ पुरुष—भणिहित्था
भणेहित्था
भणिहिह
भणेहिह

भणिस्सिह
भणेस्सिह
भणिस्सिध
भणेस्सिध
भणिस्सिइत्था
भणेस्सिइत्था

शौरसेनी प्रमाणे

भणिसहु
भणेसहु
भणिस्सिहु
भणेस्सिहु
भणिसह
भणेसह
भणिस्सिह

भणेस्सिह
भणिसध
भणेसध
भणिस्सिध
भणेस्सिध
भणिसइत्था
भणेसइत्था
भणिस्सिइत्था
भणेस्सिइत्था

१ पुरुष—भणिहिंति	भणिस्सिति	शौरसेनी	भणिसहिं
भणेहिंति	भणेस्सिति	प्रमाणे	भणेसहिं
भणिहिते	भणिस्सिते		भणिस्सिहिं
भणेहिते	भणेस्सिते		भणेस्सिहिं
भणिहिइरे	भणिस्सिइरे		भणिसंति
भणेहिइरे	भणेस्सिइरे		भणेसति
			भणिस्सिति
			भणेस्सिति
			भणिसंते
			भणेसंते
			भणिस्सिते
			भणेस्सिते
			भणिसइरे
			भणेसइरे
			भणिस्सिइरे
			भणेस्सिइरे

['ज्ज' अने 'ज्जा' नो उपयोग प्राकृतनी पेठे शौरसेनी वगेरे बधी भाषाओमां करवानो छे]

ए रीते, व्यंजनांत धातुनां भविष्यत्काळनां बधी जातनां रूपो समजवाना छे अने प्राकृतरूपोनो (भणिहिइ वगेरेनो) उपयोग अपभ्रंशमां यथासंभव थइ शके छे.

हो (भू)

स्वरात धातु अने पुरुषबोधक प्रत्यय--ए बेनी--वच्चे भविष्यत्काळमा पण 'ज्ज' अने 'ज्जा' विकल्पे आवे छे.

आगळ जणावेला नियमो प्रमाणे 'हो' धातुना (बधा स्वरात धातुना) छ अंगो थाय छे अने ते छ अंगोने भविष्यत्काळना पुरुषबोधक प्रत्ययो लगाडवाथी अने ए प्रत्ययनिमित्तक थतो फेरफार ए अंगोमा करवाथी स्वरात धातुना बधा रूपाख्यानो तैयार थाय छे.

छ अंगो: हो—हो, होअ, होएज्ज, होएज्जा, होज्ज, होज्जा.

पा—पा, पाअ, पाएज्ज, पाएज्जा, पाज्ज, पाज्जा.

नी—नी, नीअ, नीएज्ज, नीएज्जा, निज्ज, निज्जा.

[बधा स्वरात धातुना छ छ अंगो उपर्युक्त रीते करी लेवाना छे]

जे रीते 'भण्'ना बधी जातना रूपो आगळ बताववामा आव्या छे ते ज रीते आ छ ए अगना प्रत्येकना बधी जातना रूपो बनावी लेवाना छे. जेमके;

एकवचन

	प्राकृतरू०—	शौरसेनीरू०— मागधीरू०—	पैशाचीरू०—	अपभ्रंशरू०—
१ पुरुष—	होस्सं	होस्सिमि	शौरसेनी	होसउ
	होइस्स	होइस्सिमि	प्रमाणे	होइसउ

होएस्सं	होएस्सिमि	होएस्सउ
होएज्जिस्सं	होएज्जिस्सिमि	होएज्जिस्सउ
होएज्जेस्सं	होएज्जेस्सिमि	होएज्जेस्सउ
होएज्जास्सं (ज्जस्सं)	होएज्जा (ज्ज) स्सिमि	होएज्जास्सउ
होज्जिस्सं	होज्जिस्सिमि	होज्जिस्सउ
होज्जेस्सं	होज्जेस्सिमि	होज्जेस्सउ
होज्जास्सं (ज्जस्सं)	होज्जा (ज्ज) स्सिमि	होज्जास्सउ

[प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशनो मात्र एक ज प्रत्यय लगाडीने नमूनारूपे 'हो' नां ए अने अ अंगनां रूपो उपर आपेलां छे, ए ज प्रकारे दरेक प्रत्यय लगाडीने 'हो'नां (स्वरांत धातुनां) बधां रूपो समजी लेवानां छे]

ए ज रीते 'हो'नी पेठे पा, ला, ठा, झिला, गिला अने ण्हा वगेरे स्वरांत धातुओनां दरेकनां छ छ अंगो करी बधां रूपाख्यानो बनावी लेवानां छे

भविष्यत्काळमां संस्कृत सिद्धरूपोने पण वर्णविकारना नियमो लगाडी प्राकृतमां वापरी शकाय छे जेमके:—

सं०— मोक्ष्यामः=मोक्खामो (प्रा०)
भविष्यति=भविस्सइ (,,)
करिष्यति=करिस्सइ (,,)
धरिष्यति=धरिस्सइ (,,)
भविष्यामि=भविस्सामि (,,) इत्यादि

आर्षप्रयोगोमां केटलांक रूपो तो आ ज प्रकारनां वपराएलां छे

क्रियातिपत्ति—(परोक्षभविष्य)

ज्यारे शरतवाळा बे वाक्योनुं एक संयुक्त वाक्य बनेलुं होय अने तेमां देखाती बन्ने क्रियाओ कोइ सांकेतिक क्रिया जेवी जणाती होय त्यारे आ 'क्रियातिपत्ति' नो प्रयोग थाय छे.

प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशना प्रत्ययोः

सर्व पुरुष, सर्व वचन } ज्ज, ज्जा, अन्त, माण

धातुने 'न्त,' 'माण' प्रत्यय लाग्या पछी तैयार थएल अकारांत अंगना ते ते भाषा प्रमाणे नामनी प्रथमा विभक्ति जेवा ज रूपाख्यानो थाय छे.

व्यंजनांत—भणेज्ज, भणेज्जा, भणंतो, भणमाणो } सर्व पुरुष, सर्व वचन.

स्वरांत—होज्ज, होज्जा, होंतो, होमाणो } ,, ,,

---

[1]आज्ञार्थ

१ पुरुष— मु मो

---

१ पालिमां वर्तमान आज्ञार्थ अने विध्यर्थ प्रत्ययो आ प्रमाणे छे'

	आज्ञार्थ		विध्यर्थ	
परस्मैपद	१ मि	म.	एय्यामि (प्रा० एज्जामि) ए,	एय्याम(प्रा० एज्जाम).
	२ हि	थ.	एय्यासि (प्रा० एज्जासि) ए,	एय्याथ(प्रा० एज्जाह).
	३ तु	अंतु.	एय्य (प्रा० एज्ज) ए,	एय्युं.
आत्मनेपद	१ ए	आमसे.	एय्यं, ए	एय्याम्हे.
	२ स्सु	व्हो.	एथो	एय्यव्हो.
	३ त	अंतं.	एथ	एर

—जुओ पालिप्र० पृ० १९१ पचंमी तथा पृ० १९४ सत्तमी.

२ पुरुष—	सु, *इज्जसु, *इज्जहि, *इज्जे, हि	ह
	(अप० इ, उ, ए)	
३ पुरुष—	उ (शौ० दु)	न्तु

सर्व पुरुष, सर्व वचन—ज्ज, ज्जा

उपरना बधा प्रत्ययो पर रहेतां धातुना अकारांत अंगना अंत्य 'अ' नो 'ए' थाय छे

'मु' अने 'मो' प्रत्यय पर रहेतां धातुना अकारांत अंगना अंत्य 'अ' नो 'आ' अने 'इ' विकल्पे थाय छे

अकारांत अंगने लागेला 'हि' प्रत्ययनो लोप थाय छे

हस—

१ पु०—	हसामु, हसिमु, हसेमु, हसमु	हसामो, हसिमो, हसेमो, हसमो
२ पु०—	हससु, हसेसु, — हसेज्जसु, हसेज्जहि, हसेज्जे, हस	हसह, हसेह
३ पु०—	हसउ, हसेउ	हसंतु, हसेंतु

सर्व पु० सर्व वचन—हसेज्ज, हसेज्जा

पालिना विध्यर्थप्रत्ययो मोटा रूपांतर साथे प्राकृतमां वपराया छे। प्राकृतमां धातुना विध्यर्थक रूपोमां जे 'एज्ज' अने 'एज्जा' नो अंश आवे छे ते पालिना 'एय्य' अने 'एय्या' नुं प्रकारान्तर रूपांतरमात्र छे अने ए पालिप्रत्ययो साथे बताव्युं छे

* आ बधा प्रत्ययो धातुना अकारांत अंगने ज लागे छे

१ कोई ठेकाणे तो 'उ' ने बदले 'आउ' पण थई जाय छे जेमके—सुण— सुणेउ ने बदले सुणाउ (शृणोतु)

हो—

१ पु०—	होआमु, होइमु.	होआमो, होइमो,
	होएमु, होअमु,	होएमो, होअमो,
	[1]होएज्जामु, होएज्जिमु,	होएज्जामो, होएज्जिमो,
	होएज्जेमु, होएज्जमु,	होएज्जेमो, होएज्जमो,
	होज्जामु, होज्जिमु,	होज्जामो, होज्जिमो,
	होज्जेमु, होज्जमु,	होज्जेमो. होज्जमो,
	होमु, होज्ज, होज्जा.	होमो, होज्ज, होज्जा.

पूर्व प्रमाणे 'हो' ना छ अंगो बनावी आज्ञार्थनां बधा रूपाख्यानो 'हस' नी पेठे साधवाना छे. अने ए रीते बधा स्वरांत धातुना (दा, ला, पा वगेरेना) रूपाख्यानो समजवानां छे.

[शौरसेनीनो प्रत्यय मागधी, पैशाची अने अपभ्रंशमा पण वापरवानो छे]

शौरसेनी, मागधी अने पैशाचीनां रूपाख्यानो

हस्

१ पु०	हसामु वगेरे प्राकृत प्रमाणे	हसामो वगेरे प्राकृत प्रमाणे
२ पु०	हससु वगेरे ,, ,,	हसह वगेरे ,, ,,
३ पु०	हसदु, हसेदु	हसंतु वगेरे ,, ,,

अपभ्रशनां रूपाख्यानो

१ पु०	हसामु वगेरे प्राकृत प्रम णे	हसामो वगेरे प्राकृत प्रमाणे
२ पु०	हसि, हसु, हसे, हससु वगेरे प्राकृत प्रमाणे	हसह वगेरे ,, ,,

---

१ जूओ पृ० २५४ 'ज्ज' अने 'ज्जा' नी वपराश.

३ पु०	हसतु, हसेतु, हसउ, हसेउ	हसतु वगेरे प्राकृत प्रमाणे

हो

१ पु०	होमामु वगेरे प्राकृत प्रमाणे होइ, होउ, होए,	होमामो वगेरे प्राकृत प्रमाणे
२ पु०	होअसु वगेरे प्राकृत प्रमाणे	होअह वगेरे प्राकृत प्रमाणे
३ पु०	होअतु, होएदु होअउ, होएउ	होअंतु वगेरे प्राकृत प्रमाणे

ए रीते दरेक व्यंजनांत अने स्वरांत धातुओनां रूपो करी लेवानां छे.

विध्यर्थनी बधी प्रक्रिया आज्ञार्थमा जेवी छे, विशेष ए छे के, सर्वपुरुष अने सर्ववचनमां एक 'ज्जइ' प्रत्यय वधारे लागे छे, ए 'ज्जइ' प्रत्यय पर रहेतां पूर्वना 'अ' 'ए' थाय छे

सर्वपुरुष { होज्जइ, होज्ज, होज्जा (भवेत्)
सर्ववचन | हसेज्जइ, हसेज्ज, हसेज्जा (हसेत्)

[आर्षग्रंथोमां विध्यर्थसूचक केटलांक खास रूपो मळी आवे छे ते आ छे—

१ जुओ पृ १ अव्ययुक्त आदि लोप—हसतु=हसउ
२ जुओ पृ० १५ त=द नि० (१)

सिया (स्यात्)
'चरे (चरेत्)
पढे (पठेत्)
अच्छे (आच्छिन्द्यात्)
अब्भे (आभिन्द्यात्)

आ रूपो विध्यर्थसूचक संस्कृत सिद्ध रूपो उपरथी सीधी रीते वर्णविकारना नियमो द्वारा सधाएला छे: ते हकीकत तेने पडखे ( ) आ निशानमा आपेला रूपो उपरथी जणाइ आवे छे. ए रीते बीजा सम्कृतरूपो उपरथी पण प्राकृतरूपो साधी शकाय छे.]

अनियमित रूपाख्यान

[2]अस्–थवुं

वर्तमानकाळ

१ पुरुष	अत्थि, म्हि, [3]अंसि	अत्थि, म्हो, म्ह.
२ पुरुष	अत्थि, सि	अत्थि.
३ पुरुष	अत्थि	अत्थि.

---

१ पालिमा पण त्रणे पुरुषना एकवचनमा विध्यर्थसूचक 'ए' प्रत्यय वपराएलो छे (जूओ पृ० २७५ १ टिप्पण) ए अनुसारे पण आ आर्षरूपो साधी शकाय छे.

२ प्राकृतमा 'अस्' धातुना घणा थोडा रूपो थाय छे, भूतकाळ सिवाय बीजा अर्थमा एक मात्र 'अत्थि' रूपथी पण काम चाली शके छे. पालिमा 'अस्' ना दरेक काळवार नोखा नोखा रूपो थाय छे अने पालिना ए रूपो, संस्कृत रूपो साथे घणा मळता आवे छे:

भूतकाळ

सर्व पुरुष, सर्व वचन— } आसि, अहेसि ।

विध्यर्थ, आज्ञार्थ, भविष्यत्काळ

सर्व पुरुष, सर्व वचन— } अत्थि ।

अस् (पालिरूपो)

वर्तमाना—१	अस्मि, अम्हि	अस्म, अम्ह (अम्हसे).
२	असि, अहि	अत्थ
३	अत्थि	सन्ति.
सप्तमी—१	अस्स	अस्साम
(विध्यर्थ) २	अस्स	अस्सथ,
३	अस्स,	अस्सु,
	सिया	सियु
पञ्चमी—१	अस्मि, अम्हि	अस्म, अम्ह
(आज्ञार्थ) २	आहि,	अत्थ
३	अत्थु,	सन्तु.
अज्जतनी—१	आसिं	आसिम्ह
(भूतकाळ) २	आसि	आसित्थ
३	आसि	आसुं, आसिंसु (आसु)

—जूओ पालिप्र पृ १७८–१९८–१९२–२२१

'अस्' नां रूपो

१ जूओ आचारांगसूत्रनो आरंभ—

"पुरत्थिमाओ वा दिसाओ आगओ अहं अंसि" इत्यादि आ आर्षरूप संस्कृतना अस्मि रूपनुं रूपांतर जणाय छे

[1]कृ—करवुं

मात्र भूतकाळ अने भविष्यत्काळमा 'कृ' धातुनो 'का' आदेश थाय छे·

भूतकाळ

कासी, काही, काहीअ, काअसी, काअही, काअहीअ.

भविष्यत्काळ

फक्त प्रथम पुरुषना एकवचनमा 'काहं' रूप वधारे थाय छे, बाकी बधा रूपो 'हो' धातुनी सरखा छे:

[2]काहिइ, काहिसि, काहिमि इत्यादि ।

दा—देवु

मात्र भविष्यत्काळमा प्रथम पुरुपना एकवचनमा 'दा' धातुनु 'दाहं' रूप वधारे थाय छे, बाकी बधा रूपो 'हो' धातुनी सरखा छे:

दाहं, दाहिमि, दाहिसि, दाहिइ, इत्यादि ।

---

१ 'कृ' नुं भूतकाळसूचक 'अकासि' अने 'अकासिं' (त्रीजा पुरुषनु एकवचन अने प्रथम पुरुषनु एकवचन) रूप पालिमा थाय छे, ए, प्राकृतना 'कासी' रूप साथे मळतु गणाय खरु —जूओ पालिप्र० पृ० २२५ 'कृ'ना रूपो.

२ प्राकृतरूपो साथे मळता आवता 'कृ'ना भविष्यत्काळना पालिरूपो आ प्रमाणे छे:

१	काहामि	काहाम.
२	काहिसि	काहिथ.
३	काहिति	काहिंति.

—जूओ पालिप्र० पृ० २०९ 'कृ' ना रूपो.

मात्र भविष्यत्काळमां नीचेना धातुओना नीचे प्रमाणे आदेशो थाय छे

[1]श्रु— सोच्छ।	दृश—दच्छ।	भिद्—भेच्छ।
गम— गच्छ।	मुच—मोच्छ।	भुज्—मोच्छ।
रुद्— रोच्छ।	वच—वोच्छ।	
विद्— वेच्छ।	छिद्—छेच्छ।	

आ धातुओनां भविष्यत्काळ संबंधी रूपाख्यानो 'गम' धातुनी जेवा थाय छे विशेषता ए छे के, आ धातुओने लगाता भविष्यत्का-

---

१ प्राकृतमां 'श्रु' वगेरे धातुओनां 'सोच्छ' वगेरे अंगो बने छे तेम पालिमां पण बने छे

पालिअंगो

श्रु—	सोस्स—	प्रथम पुरुषनुं एकवचन—	सोस्सं
गम —	गच्छ—		
रुद्—	रुच्छ	,,	गच्छिस्सामि
		,	रुच्छिस्सामि
दृश	{ दक्ख { दिच्छ	तृतीय पुरुषनुं एकवचन—	दिच्छति
मुच	मोक्ख		मोक्खति
वच	वक्ख	,,	वक्खति
छिद	छेच्छ	,,	छेच्छति
भुज्	मोक्ख	,,	मोक्खति

—जुओ पालिप्र पृ १ ६-२ ७

[वर्णपरिवर्तनना नियमद्वारा 'श्रु' वगेरेनां संस्कृत रूपोमांथी पण उपर बतावेलां प्राकृत अने पालिअंगो नीपजावी शकाय छे श्रुस्यति, मोक्ष्यति मोक्ष्यते, वक्ष्यति, छेत्स्यति रुत्स्यति (कल्पित) भोक्ष्यति— जुओ [illegible] [illegible] मि २१ पृ १ [illegible] मि० २१ पृ १२ अने संयुक्त 'मादि' स्तोत्र पृ १५]

ळना जेटला प्रत्ययो ‘ हि ’ आदिवाळा छे तेमाना ‘ हि ’ नो लोप विकल्पे थाय छे तथा प्रथम पुरुषना एकवचनमा ए बधा धातुओनुं एक अनुस्वारात रूप पण वधारे थाय छे

१ पुरुष–सोच्छं, सोच्छिमि, सोच्छेमि, सोच्छिहिमि, सोच्छेहिमि, सोच्छिस्सं, सोच्छेस्सं, सोच्छिस्सामि, सोच्छेस्सामि, सोच्छिहामि, सोच्छेहामि ।

२ पुरुष–सोच्छिसि, सोच्छेसि, सोच्छिहिसि, सोच्छेहिसि, सोच्छिसे, सोच्छेसे, सोच्छिहिसे, सोच्छेहिसे ।

३ पुरुष–सोच्छिइ, सोच्छेइ, सोच्छिहिइ, सोच्छेहिइ । सोच्छिए, सोच्छेए, सोच्छिहिए, सोच्छेहिए । इत्यादि ।

[सूचना–आख्यातने लगता बधी भाषाना (प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंशना) प्रत्ययो आगळ जणावेला छे, आ चालु प्रकरणमा प्रेरकभेदी, सह्यभेदी वगेरे आख्यातने लगती हकीकत जणाववानी छे, तेमा मात्र प्राकृतना ज एक एक प्रत्ययद्वारा बधा उदाहरणो देखाडेला छे तो अभ्यासीए पोतानी मेळे प्रेरकभेदी, सह्यभेदी वगेरे अंगोने शौरसेनी, मागधी, पैशाची अने अपभ्रंश भाषाना प्रत्ययो लगाडी ते ते भाषाना रूपो बनावी लेवा]

प्रेरकरूप

प्रेरकअग बनाववानी रीत

१ धातुने अ, ए, आव अने आवे [१]प्रत्यय लगाडवाथी तेनु प्रेरक अंग तैयार थाय छे.

---

१ पालिमां पण साधारण रीते प्रेरणाना अर्थमा ‘अ,’ ‘ए,’ ‘आप’ अने ‘आपे’ लगाडवाथी धातुमात्रना चार अंगो बने छे:–

२ 'अ' अने 'ए' प्रत्यय पर रहेतां धातुना उपांत्य 'अ'नो 'आ' थाय छे'

धातु	प्रेरक अंगो
कृ—कर्	कार, कारे, कराव, करावे ।
हस्	हास, हासे, हसाव, हसावे ।
शम्—सम्—	साम, सामे, समाव, समावे ।
हश—हरिस्—	हरिस, हरिसे, हरिसाव, हरिसावे ।
भ्रम्—भम्—	भाम, भामे, भमाव, भमावे ।
स्मृ—सम्—	साम, सामे, समाव, समावे । इत्यादि ।

(कृ) कार, कारे, काराप, कारापे
(पच्) पाच, पाचे, पाचाप, पाचापे
(हन्) घात घाते घाताप घातापे
(गम्) गाम, गामे, गच्छाप गच्छापे
(ग्रह्) गाह गाहे, गाहाप, गाहापे
(चिन्त्) चिंताप चिंतापे
(चुर्) चोराप चोरापे
(बुध्) बोध बोधे, बुज्झाप, बुज्झापे

पालिमां वपरातां 'आप' अने 'आपे' ज प्राकृतमां वपरातां 'आव' अने 'आवे' छे (जुओ पृ २४९—नं ११)

—जुओ पालिप्र पृ २२७—२२९.

' आवि' अने 'आवे' प्रत्यय पर रहेतां पण आ नियम लागे छे एम कोईनो मत छे

कोई—	हेमचंद्र—
कारावेइ ।	करावेइ ।
हासाविओ ।	हसाविओ ।

ए प्रकारे धातुमात्रना प्रेरक अगो तैयार करी लेवाना छे.

३ उपात्यमा गुरु स्वरवाळा (स्वरादि वा व्यजनादि) धातुने उपर जणावेल प्रत्ययो उपरात विकल्पे 'अवि' प्रत्यय लगाडवाथी पण तेनु प्रेरक अग तैयार थाय छे·

धातु–	प्रेरक अगो–
तुष्–तोषि–तोसि–	तोसवि, तोस, तोसे, तोसाव, तोसावे।
घुष्–घोषि–घोसि–	घोसवि, घोस, घोसे, घोसाव, घोसावे।
मुष्–मोषि–मोसि–	मोसवि, मोस, मोसे, मोसाव, मोसावे।
दुष्–दूषि–दूसि	दूसवि, दूस, दूसे, दूसाव, दूसावे।
दोसि	दोसवि, दोस, दोसे, दोसाव, दोसावे।
दुह्–दोहि–	दोहवि, दोह, दोहे, दोहाव, दोहावे।
मुह्–मोहि–	मोहवि, मोह, मोहे, मोहाव, मोहावे।
भक्ष्–भाक्षि–भक्खि–	भक्खवि, भक्ख, भक्खे, भक्खाव, भक्खावे।
तक्ष्–ताक्षि–तक्खि–	तक्खवि, तक्ख, तक्खे, तक्खाव, तक्खावे।
पार–पारि–	पारवि, पार, पारे, पाराव, पारावे।
चिल्ल्–चिल्लि–	चिल्लवि, चिल्ल, चिल्ले, चिल्लाव, चिल्लावे।
जीव–जीवि–	जीववि, जीव, जीवे, जीवाव, जीवावे।
लुञ्च्–लुञ्चि–लुचि–	लुचवि, लुंच, लुंचे, लुंचाव, लुंचावे।
शुष्–शोषि–सोसि	सोसवि, सोस, सोसे, सोसाव, सोसावे.
चूष्–चूषि–चूसि–	चूसवि, चूस, चूसे, चूसाव, चूसावे।

इत्यादि

ए रीते उपात्यगुरुवाळा धातुओनुं प्रेरक अग बनावी लेवानु छे.

४ भम (भ्रम) धातुनु प्रेरक अग 'भमाड' पण थाय छे

भम–भमाड, भाम, भामे, भमाव, भमावे।

ए रीते तैयार थएल प्रेरक अंगोने ते ते पुरुषबोधक प्रत्ययो लगाडवाथी तेनां दरेक प्रकारनां रूपाख्यानो तैयार थाय छे—ए रूपाख्यानो बनाववानी प्रक्रिया आगळ आवेल कर्तरिरूपाविकारमां आवी गई छे तो पण अहीं उदाहरण तरीके केटलांक रूपाख्यानो दर्शाववामां आवे छे

वर्तमानकाळ

१ पु०—खामेमि, खामामि, खामामो,-[1]मु,-म, खामिमो, मु,-म,
खाममि, खामेमि, खामेमो,-मु,-म, खाममो, मु,-म ।
खामेमो-मु,-म,
खमावेमि, खमावामि, खमावामो,-मु,-म, खमाविमो,-मु,-म,
खमाबमि, खमावेमि खमावेमो,-मु,-म, खमावमो,-मु,-म,
खमावेमो,-मु,-म इत्यादि ।
खामेज्ज, खामेज्जा, खमावेज्ज, खमावेज्जा ।

भूतकाळ

सर्वपुरुष, सर्ववचन—तोसवि-सी,-ही,-हीअ, तोस-सी,-ही,-हीअ,
तोसे-सी,-ही,-हीअ, तोसाव-सी,-ही,-हीअ,
तोसावेसी,-ही,-हीअ । इत्यादि ।

भविष्यत्काळ

१ पु०—भक्खवि-हिइ, भक्स हिइ भक्खे-हिइ, भक्खाव-हिइ,
भक्खावे-हिइ इत्यादि ।

---

१ – मु –[1]म वगेरे प्रत्ययो मूकेला छे, तो मूळ अंगने ए प्रत्ययो लगाडी 'खामाम्मो नी पेठे 'खामासु' 'खामाम वगेरे रूपो पोतानी मेळे बनावी लेवां अने हवे पछी ज्यां ज्यां आवे त्यां पण आ रीते ज समजी लेवुं.

क्रियातिपत्ति–

सर्वपुरुष, सर्ववचन–भक्खविंतो–विमाणो,–विज्ज,–विज्जा ।

भक्खतो,–क्खमाणो,–क्खज्ज,–क्खज्जा ।

भक्खेंतो,–क्खेमाणो,–क्खेज्ज,–क्खेज्जा ।

भक्खावंतो,–क्खावमाणो,–क्खावज्ज,–क्खावज्ज ।

भक्खावेंतो, -वेमाणो, -वेज्ज, -वेज्जा । इत्यादि ।

विध्यर्थ–आज्ञार्थ

२. पु०–हाससु, -सेसु, हासेज्जसु, हासेज्जाहि, हासेज्जे, हास ।
हासेसु, हासेहि ।
हसा-वसु,-वेसु,-वेज्जसु,-वेज्जाहि,-वेज्जे, हसाव ।
हसावेसु, हसावेहि ।
हासेज्जइ, हासेज्ज, हासेज्जा, हसावेज्जइ, हसावेज्ज, हसावेज्जा ।

इत्यादि ।

ए रीते प्रत्येक प्रेरक अगने वधी जातना पुरुषबोधक प्रत्ययो लगाडी तेना रूपाख्यानो समजी लेवाना छे.

ज्यारे प्रेरकसह्यभेद, प्रेरकवर्तमानकृदंत, प्रेरकभूतकृदंत अने प्रेरकभविष्यत्कृदत बनाववु होय त्यारे पण प्रेरकअगने ज ते सह्यभेद वगेरेना प्रत्ययो लगाडी तेना रूपाख्यानो बनावी लेवाना छे. (आ संबंधेनी विशेष माहिती सह्यभेदाधिकार अने कृदंताधिकारमा जणाववानी छे).

नामधातु

प्रेरकप्रक्रिया सिवाय संस्कृतमां बीजी पण अनेक प्रक्रियाओ छे, जेमके–[1]सन्नन्तप्रक्रिया, यङन्तप्रक्रिया, यङ्लुगन्तप्रक्रिया अने नामधातुप्रक्रिया परंतु प्राकृतमां ए प्रक्रियाओ माटे कोई खास विशेष

---

१ पालिमां पण सन्नंत, यङन्त, यङ्लुगंत अने नामधातुनी प्रक्रिया संस्कृतनी पेठे थाय छे:—

सन्नन्त–	बुभुक्खति	(बुभुक्षते)
	जिघच्छति	(जिघत्सति)
	पिवासति	(पिपासति)
	विजिगिंसति	(विजिगीषति)
		(जिहीर्षति)
	चिकिच्छति तिकिच्छति	(चिकित्सति)
	वीमंसते	(मीमांसते)
सन्नंतप्रेरक–	बुभुक्खापेति	(बुभुक्षयति)
यङंत–	लालप्पति	(लालप्यते)
	दद्दल्लति	(जाज्वल्यते)
यङ्लुगन्त–	चंकमति	(चङ्क्रमीति)
	जंगमति	(जङ्गमीति)
	लालप्पति	(लालपीति)
नामधातु–	पब्बतायति	(पर्वतायते–पर्वत इव आचरति)
	छत्तीयति	(छात्रीयति पुत्रम्)
	अतिहत्थयति	(अतिहस्तयति–हस्तिना अतिक्रामति)
	उपवीणयति	(वीणया उपगायति)
	कुसलायति	(कुशलं पृच्छति)

—पालिप्र० पृ० २२९–२३१

विधान तो नथी अने प्राकृत साहित्यमा ए प्रक्रियानां रूपाख्यानो उपलब्ध थाय छे एथी कल्पी शकाय छे के, ते ते प्रक्रियानां(संस्कृत) सिद्ध रूपोमा, आगळ जणावेल वर्णविकारना नियमानुसार फेरफार करी ते रूपोनो प्रयोग करवामा आवे (ल) छे. जेमके—

संस्कृत	प्राकृत
शुश्रूषति—	सुस्सूसइ । (सन्नंत)
लालप्यते—	लालप्पइ । (यङंत)
चङ्क्रमीति—	चकमइ । (यङ्लुबंत) चंकमण । (चङ्क्रमणम्)

इत्यादि ।

मात्र नामधातु माटे विशेषता आ छे :

नामधातुओने लागेल ‘ य ’ प्रत्ययनो लोप विकल्पे थाय छे.

गुरुकायते—गरुआइ, गरुआअइ (गुरुरिव आचरति–गुरुनी जेवुं आचरण करे छे)

दमदमायते—दमदमाइ दमदमाअइ (दम दम थाय छे)

लोहितायते– लोहिआए–इ, लोहिआअए–इ । (लाल थाय छे)

हंसायते– हसाए–इ, हंसाअए,–इ । (हंसनी जेम आचरे छे)

तमायते– तमाए–इ, तमाअए–इ । (अंधारा जेवुं छे)

अप्सरायते– अच्छराए,–इ, अच्छराअए–इ । (अप्सरानी जेम आचरे छे)

उन्मनायते– उम्मणाए–इ, उम्मणाअए,–इ ।(उन्मना थाय छे)

कष्टायते– कट्ठाए,–इ, कट्ठाअए,–ई । (कष्टने माटे क्रमण करे छे)

घूमायते   घूमाप–इ, घूमाअप–इ । (घूमने उद्वमे छे)

सुखायते   सुहाप–इ, सुहाअप,–इ । (सुखने अनुभवे छे)

शब्दायते   सद्दाप, इ, सद्दाअप–इ । (शब्द करे छे—बोलावे छे)

इत्यादि

सक्कमेद

वर्तमानकाळ, विध्यर्थ, आज्ञार्थ अने (ह्यस्तन) भूतकाळमां धातुने ' ईअ ' अने ' इज्ज ' प्रत्यय लगाडवाथी तेनुं सक्कमेदी अंग

---

१ पालिमां सक्कमेदी अंग बनाववा माटे ' य ' ' इय ' अने ' ईय ' तथा क्वचित् ' इय्य ' (य ईय इय) प्रत्ययनो व्यवहार थाय छेः—

य—	पच्चते, पच्चति	(पच्यते)
	वुच्चते, वुच्चति	(उच्यते)
	वुप्पते, वुप्पति	(उप्यते)
य अने इय—	गुय्हते, गुहियति	(गुह्यते)
	पुच्छते, पुच्छियति	(पृच्छ्यते)
	भञ्जियति	(भज्यते)
इय्य—	करिय्यति, करिय्यते	(क्रियते)
ईय—	महीयति	(मह्यते)
	मर्यादयति	(मध्यते)
	करीयति	(क्रियते)
	[illegible]	
	[illegible]	

—[illegible] पालि[illegible] ९ २१४–२१०

बने छे अने ते अंगने प्राकृत, शौरसेनी, मागधी, पैशाची अने अप-भ्रंश भाषाना ते ते पुरुषबोधक प्रत्ययो लगाडवाथी तेनां रूपाख्यानो थाय छे.

पैशाचीनी विशेषता

पैशाचीमा धातुनु सह्यभेदी अग बनाववुं होय तो पुरुषबोधक प्रत्ययो लगाडता पहेला धातुने 'ईअ' 'इज्ज' ने बदले 'इय्य' प्रत्यय लगाडवो जोईए. जेमके,

सं०	प्रा०	शौ० मा०	पै०
गीयते	गिज्जए	गिज्जदे	गिय्यते
दीयते	दिज्जए	दिज्जदे	दिय्यते
रम्यते	रमिज्जए	रमिज्जदे	रमिय्यते
पठ्यते	पढिज्जए	पढिज्जदे	पढिय्यते

कृ

'कृ' धातुनुं सह्यभेदी अग बनाववुं होय तो पुरुषबोधक प्रत्ययो लगाडता पहेला एने ('कृ' धातुने) ज 'इय्य' ने बदले 'ईर' प्रत्यय लगाडवो जोईए.

सं० क्रियते प्रा० करिज्जए शौ० मा० [1]करिज्जदे पै० कीरते
करीअए करीअदे

अपभ्रंशनी विशेषता

